કુમાર

અંક ૨

ઉગતી પ્રજાનું માસિક

તંત્રી
રવિશંકર રાવળ

મહા

વર્ષ ૧
અંક ૨

૧૯૮૦



વાંચનારને

સુભાગી આત્મા

આ માસિકથી તમારો ને અમારો સંબંધ થાય છે. દુનીઆના વ્હેવાર જેવો એ સંબંધ સાધારણ નથી, પણ જગતની કલ્યાણકારી યોજનાઓમાં વધારો કરનારી એ એક નવીન પ્રવૃત્તિ છે.

જગતના દીપોત્સવમાં દેશદેશના માનવો આત્મકલાની જ્યોતિઓ આગળ ધરશે તે વખતે ગુજરાતના કુમારો શું અંધકારમાં શૂન્યમુખ થઈ ઉભા રહેશે ? એ વિચાર જ અસહ્ય છે. એ ભયંકર નિરાશા ભાંગવાનો આ એક પવિત્ર પ્રયાસ છે.

કલા, જ્ઞાન, ચારિત્ર, પ્રેરણા, સંસ્કાર અને પરસ્પર સદ્ભાવ ગુજરાતના કુમારોમાં પુરી તેમની આત્મજ્યોતિઓ સચેત રાખવાની અમારી અભિલાષામાં સ્વાર્થપરાયણતાનો ત્યાગ છે કે નહિ, તે તો ભવિષ્યનું અમારૂં કાર્ય બતાવશે.

ગુજરાતમાં બાલશિક્ષણની સામગ્રી છે—થતી આવે છે; પુખ્ત બુદ્ધિનાં માણસો માટે પણ જ્ઞાનસામગ્રી ભરી છે; પરંતુ ઉગતી પ્રજા—કુમારોને જીવનદૃષ્ટિ આપતી કશી જ સામગ્રી નથી. એ ઉણપ પુરવાનો આ પ્રયાસ છે.

આપણું પ્રાચીન ગૌરવ, ઋષિવરોનાં આત્મદર્શનો, આપણી સંસ્કૃતિનો પ્રભાવ, સંતોની પ્રાણ પોષતી પ્રસાદીઓ, કલાની રસભરી કૃતિઓ, કુદરતની ભવ્ય લીલા, વિશ્વની ચમત્કૃતિઓ, નવી દુનીઆની વૈજ્ઞાનિક અજાયબીઓ, હુન્નરઉદ્યોગના નુસખાઓ અને વિનોદની વાનીઓ—આ સૌ શોધી, સંઘરી, માગી આણીને પણ સુંદર, નિર્દોષ સ્વરૂપમાં આપવું એ અમારો સંકલ્પ છે. આટલો ભારે સંકલ્પ પુરો કરવા પુરતાં સાધન—શક્તિ વખતે નહિ હોય; પરંતુ જેમને સાધન કરતાં યોજના પ્રિય છે, યોજના કરતાં હેતુ ઈષ્ટ છે એવાં સંસ્કારી ચિત્ત આ પ્રવૃત્તિ તરફ સહાનુભૂતિની નજરે જોશે એવી આશા છે.

'કુમાર' કુમારોને જ માટે છે એવો ભ્રમ કોઇ ન કરે; કુમારીઓને અમે ભુલ્યા નથી. 'કુમાર' એટલે જ ગુજરાતનું 'કૌમાર.'

છેવટે, અમારી એટલી પ્રાર્થના છે કે અમારી ભુલો પર ચર્ચા ભલે કરજો, પણ અમારા હેતુમાં શંકા કરશો નહિ; કારણ કે અમારી શ્રદ્ધા છે કે એ હેતુની પાછળ પરમ કૃપાળુ પરમાત્માની પ્રબળ પ્રેરણા છે.

કુમાર

ગુજરાતની ઉગતી પ્રજાનું માસિક

પુસ્તક પહેલું
અંક : ૨

સંવત : ૧૯૮૦
મહા

વરસના રૂ ૭
૭ માસના રૂ. ત્રણ

કુમાર કાર્યાલય : ૪૪૮૦-રાયપુર : અમદાવાદ

પરદેશના રૂ. સાત
છુટક નકલના દસ આના

¶ 'કુમાર' દર મહીનાની પુનમે બહાર પડશે.
¶ નવા ગ્રાહક થનારાઓ માટે પાછળને પાને સુચનાઓ આપી છે.
¶ જાહેરખબર આપવા ઈચ્છનારાઓએ ભાવ તથા વિગતોવાળી છાપેલી પત્રિકા મંગાવી લેવી.

ગ્રાહકોને

આ માસિકનું લવાજમ, પોસ્ટેજ સાથે, વરસ એકના રૂા. ૬ છે. આખા વરસનું એકસામટું લવાજમ ન ભરી શકનાર રૂા. ૩ ભરીને છ મહિનાના ગ્રાહક બની શકે. પરદેશના ગ્રાહકોએ રૂપીઆ સાત મોકલવા. છુટક અંકના દસ આના. લવાજમ અગાઉથી જ લેવામાં આવે છે.

રૂબરૂ ગ્રાહક થનાર સરળતાને ખાતર પ્રથમ એક રૂપીઓ આપી પ્રથમ અંક મેળવે અને પોતાનું નામ રજિસ્ટર કરાવે. બાકીનું લવાજમ તેમને બાકીના અંક વી. પી. થી મોકલીને વસુલ કરવામાં આવશે.

ગ્રાહક ગમે તે માસથી થઇ શકાય છે; પાછળથી ગ્રાહક થનારને આગલા અંકો પુરા પાડવાને અમે બંધાતા નથી.

લવાજમ વી. પી. કરતાં મનીઑર્ડરથી મોકલી વસુલ કરાવવું એ વધારે સુગમ અને ઓછું ખરચાળ છે.

પુરેપુરૂં નામ અને ચોક્કસ સરનામું નહિ મોકલ્યું હોય તો માસિક ગેરવલ્લે જવા બદલ અમે જવાબદાર નથી.

પત્રવ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રાહક નંબર અચુક લખવો. તે સિવાય કોઈ પણ જાતની વ્યવસ્થા કરવાનું બની નહિ શકે.

માસિકમાં આવતી ઇનામી હરીફાઈમાં ભાગ લેવાનો હક માત્ર ગ્રાહકોનો જ રહેશે; છુટક નકલ ખરીદનારાઓને કે ભેટ તરીકે અંક મેળવનારાઓને પણ નહિ.

લેખકોને

ઉગતી પ્રજાને માટે જેની પાસે કંઇક પણ સંદેશો, પ્રેરણા, ઉપયોગી થવાની ઇચ્છા કે માર્ગદર્શક હકીકતો હોય તે આ માસિક માટે ખસુસ લખે.

જેઓને માટે આ માસિક ચલાવવામાં આવે છે તેઓ—કુમારો અને કુમારીઓમાંથી જેઓ ઉછરતા લેખકો હશે તેમને અમે યોગ્યતા પ્રમાણે જરૂર સ્થાન આપીશું; કારણકે અમારી ઇચ્છા છે કે આ માસિક વાંચનારાઓનાં હૃદયનું પ્રતિબિમ્બ બને.

લેખમાંની હકીકતો વિષે લેખક જ બધી રીતે જવાબદાર રહેશે.

ભાષાન્તર કરેલા લેખો માટે બની શકે તો તેના મુળ કર્તાની પરવાનગી મેળવવી. અને જે ભાષાના ગ્રન્થ કે લેખ ઉપરથી ભાષાન્તર કર્યું હોય તેની સ્પષ્ટ માહીતી અચુક આપવી.

કેટલાક લેખો સ્થળસંકોચ કે બીજાં કારણોને લઇને કદાચ મોડા પણ છપાય. તેવે વખતે લેખકે ઉતાવળા થઇને તેનો તે લેખ બીજે ક્યાંય છપાવતાં પહેલાં અમને ખબર આપવા કૃપા કરવી.

લેખો ચોક્ખા અક્ષરે, કાગળની એક જ બાજુએ અને શાહીથી લખેલા હોવા જોઇએ.

નામ અને સરનામાની માહીતી તથા પોસ્ટેજ નહિ મોકલ્યું હોય તો ન સ્વીકારાયેલા લેખો પાછા મોકલવા અમે બંધાતા નથી.

જે અંકમાં લેખકનો લેખ છપાયો હશે તે અંકની એક નકલ લેખકને મળશે.



ચિત્રકાર : રવિશંકર રાવળ

માધાવાવ



પ્રાર્થના

: ઇન્દ્રવજ્રા :



કયાકયા દીવાઓ નવરંગ લાવું,
અજ્ઞાનનાં અશ્રુ ઉનાં ઝરૂં આ ?
શાંશાં સુગંધી ધુપદાન બાળું,
કે કલ્પનાની ધુણી છાવરૂં આ ?

શાંશાં ફુલો તે તુજને ચઢાવું,
કે આંખડીઓ અરપી દઉં આ ?
કયાકયા પ્રસાદે તુજને રીઝાવું,
સત્કર્મ કે કૈં ચરણે ધરૂં આ ?

કયાકયા સુમંત્રો પ્રિયનાં જપાવું,
જુનુંનવું અંતરમાં લવું આ ?
સંતોષ તે શો મનને મનાવું,
તારો મહિમા જરી યે કળું ના !



મિત્રો! તમારા માસિકનો પહેલો અંક તમે બધા બરોબર વાંચી ગયા હશો જ. હવે હું તમારી પાસેથી જ જાણવાને ઇંતેજાર છું કે તેમાં તમને કઇ બાબતો વધારે ગમી છે, કઇ અધુરી લાગી છે, કઇ નકામી જણાઇ છે અને કઇ કઇ બાબતો નવી માગો છો. આ વિષયમાં તમે રસ લઇને જેટલો વધારે ભાગ લેશો અને છુટથી તમારા વિચારો ચર્ચીને જણાવશો તેટલું માસિક વધારે ચડતું જશે અને તમને વધુ અનુકૂળ બનતું જશે. એની ઉન્નતિનો આધાર તમારા જ ઉપર છે.

પણ તમને જરા એક વાત કહી દઉં. પહેલા અંકમાં આવેલી સામગ્રી ઉપરથી જ માસિકની આખી કારકીર્દિનો તોલ બાંધી ન બેસશો. એવી ઘણીયે બાબતો છે કે જે અમે ઓછાં પાનાંને લીધે આપી નથી શક્યા. બધી ઇચ્છા કંઇ એકસામટી પુરી થઇ જાય! 'કુમાર' બહાર પડવા અગાઉની પત્રિકા જેમણે વાંચેલી તેમનામાંના ઘણાને લાગ્યું કે એમાં જણાવેલી બાબતો પ્રમાણે આ અંકમાં તંત્રીઓ પહોંચી નથી શક્યા. કેટલાકને વળી એમ લાગેલું કે બહુ મોટી આશાઓ આપેલી તેના પ્રમાણમાં અંક મોળો થયો. ખરી વાત છે. પણ હું આ વાત બીજી વધારે સાચી રીતે કબુલ કરૂં છું. તે એ કે અમારી ઇચ્છા અને અભિલાષા પ્રમાણે વસ્તુઓ આપવા જેટલાં પાનાં અમારી પાસે નથી. દરેક મહીનાની ઉપયોગી માહીતીઓ ને ખબરો, હુન્નરઉદ્યોગના ટુચકાઓ, અવનવી હિકમતો અને હાથકારીગીરીઓ, ભૂગોળ અને ખગોળની રસમય વાતો, સાહસિક કામો અને અજાયબીથી ભરેલી રસમય લાંબી વાર્તાઓ, જુદી જુદી રમતો અને કસરતો: આ બધું અમારે આપવું છે—પુષ્કળ ચિત્રો, ફોટોગ્રાફો અને માહીતી સાથે આપવું છે. વાંચનારા ધીરજ રાખી એક વરસ સુધી 'કુમાર'નું કામ જોયા કરે, જેમ જેમ ચીજો આવતી જાય તેમ તેમ તેના પર સૂચનાઓ કરે, નવી હકીકતો અમારા ધ્યાન પર લાવે એવી મારી વિનંતિ છે. આ અંકથી થોડી બાબતો બદલાઇને થોડી નવી ઉમેરાઇ છે. દર મહીને એમ નવીનતા લાવતા જવાનો અમારો ઇરાદો છે.

એક બીજી વાત. ઘણાઓને આ માસિકનું રૂપ અને વિષયોની હાવકાઇ ગમ્યાં છે; આપણને આવા માસિકની જરૂર હતી એમ પણ તેમણે કબુલ્યું છે. છતાં ઘણાખરાનો મોટો વાંધો માસિકના દળ માટે છે. 'આટલું જ પાતળું? ચાળીસ જ પાનાં?' આ વાત પણ અમને કબુલ છે. પરંતુ માસિકનું દળ વધારવાને જે ખર્ચ કરવો પડે તેને પહોંચી વળવાને અમે હાલ અશક્ત છીએ. હું ખાતરીથી જણાવી શકું છું કે જે રકમમાં આટલું દળ આપવામાં આવે છે તે લક્ષમા લઇને ખર્ચની ગણતરી કરશો તો ચોક્ખું જણાશે કે વર્ષની આખરે હજાર ગ્રાહકો થતાં પણ માસિકને ખોટ જ ખમવી પડે.

પણ આ વાત કરીને હું નિરાશા ગાવા નથી માગતો. મારી તો તમારા પર દૃઢ શ્રદ્ધા છે. મને તો ખાતરી જ છે કે આવા એક માસિકની જરૂર હતી જ. તે જરૂર જો સાચી હોય, તેની પાછળ થતા અમારા પ્રયત્નો જો પ્રામાણિક અને ખંતીલા હોય, તો આ માસિક પગભર થવું જ જોઇએ. 'કુમાર' કમાણીની લેશમાત્ર આશા નથી રાખતું; પરંતુ તે પોતાનું ખર્ચ ઉપાડી લેવા જેટલું પગભર તો અવશ્ય થવું જ જોઇએ. અને પછી જેમ જેમ 'કુમાર'ના ગ્રાહકો અને વાંચનારાઓ વધતા જઇ એની આવકમાં વધારો કરતા જશે તેમ તેમ 'કુમાર' પોતાનાં પાનાં વધારી મોટા કદનું બનતું

જશે. સો દહાડે દહાડે મોટા થતા જાય છે. કુમાર નહિ થાય?

એ હેતુ બર લાવવાને અમારી નજર તમારા ઉપર જ છે. મારે ફરીફરીને કહેવું ન જોઇયે કે આ માસિક તમારૂં પોતાનું જ છે. નવું શીખવા જાણવાને, વિવિધ દિશાઓમાં પાવરધા–પારંગત થઈ તમારો વિકાસ સાધવાને તમે જો ઉત્સુક હો, તમારામાં એ વિષે તનમનાટ હોય, અને તમારી એ ઉત્સુકતા—તમારા એ તનમનાટને પોષે એવું આ માસિક તમને જણાતું હોય. તમને તેની જરૂર સમજાઇ હોય તો તેને ટકાવી રાખી મોટું કરવાને બનતો દરેક પ્રયત્ન તમે ન કરો? આ માસિકમાં તમને કંઇ પણ નવીનતા લાગી હોય તો બીજાને તેનો લાભ આપવાનું તમને ન ગમે? તમારા ઘરના ઉત્સવોમાં, મેળાવડાઓમાં, શાળામાં કે મિત્રોને ઘેર આ માસિક લઇ જાઓ, તેનો ફેલાવો કરો, તેના વાંચનની લિજ્જત બીજાઓને આપો. એ રીતે તમે એનો ફેલાવો કરી નવા ગ્રાહકો કરી શકશો. અને માસિક એકવાર પોતાના પગ પર ઉભું રહેવા જેટલું મજબુત બની ગયું એટલે પછી જેમ જેમ તેના ગ્રાહકો વધતા જશે તેમ તેમ તેનું કદ, તેનાં પાનાં અને ચિત્રો વગેરે સામગ્રી પણ વધતાં જ જવાનાં. પણ એ બધું તમારા હાથમાં છે; કારણ કે માસિક તમારૂં છે.

પહેલા અંકના લેખો તો તમે વાંચીને તરત સમજી જઇ શક્યા હશો એ વિષે મને લેશ શંકા નથી. પણ મારે તેમાંનાં ચિત્રો વિષે થોડું કહેવું છે. એમાંનું દરેક ચિત્ર અમુક હેતુસર, અને તેને લગતા લેખ કે વાર્તાના ભાવ બરોબર બતાવવાને માટે જ દોરાયું હોય છે. લેખને મથાળે શણગાર માટે મુકેલાં ચિત્રોથી માંડીને, ખાલી જગ્યાઓ પુરવા સારૂ મુકેલાં નાનાં નાનાં ચિત્રો સુધી દરેકમાં કંઇ ને કંઇ હેતુ કે સંકેત હોય છે જ. એ દરેક ચિત્ર ઝીણી નજરે જોઈ તેને સમજવાનો યત્ન કરતા જશો તેમ તેમાંથી તમને વધારે ને વધારે રસ અને પ્રેરણા મળશે, અને ચિત્રકામની વિવિધતા તથા ઉપયોગિતા સમજી વિશેષ આનંદ પામશો. જે ચિત્રો ન સમજાય તેને વિષે તમે બેલાશક અમને પુછાવો.

અત્યારે ગામેગામ સ્વયંસેવકોનાં મંડળો બંધાય છે. જુદી જુદી નાતોમાં પણ સ્વયંસેવકમંડળો હોય છે. સ્વયંસેવકો લગભગ બધા બારથી બાવીસ વર્ષ સુધીની ઉમરના હોય છે. તમારામાંના ઘણા સ્વયંસેવકો હશે. હું પોતે ઘણાં મંડળોમાં સ્વયંસેવક હતો. સેવા કરવાની ઉલટ—તીવ્ર ઇચ્છા, એ સ્વયંસેવકનું મુખ્ય લક્ષણ. અને જ્યારે આપણે આપણા અંતરના ઉમંગથી સેવા કરવા તૈયાર થઇએ ત્યારે બદલાની આશા તો આપણે શાના જ રાખીએ?

પણ આટલેથી જ બસ ન થાય. સ્વયંસેવકે તો વધારે ગુણો કેળવવાની જરૂર છે. પત્થરના જેવી દ્રઢતા, અસીમ પુરુષાર્થ, ગમે તેવું ભારે કામ જોઇને પણ હિમ્મત ન હારવા જેટલી અડગતા, મુંગે મોઢે શાંતિથી કામ ખેંચ્યે જવા જેટલો ખંત, અને ક્યાંય પાછો પગ ન કરવા જેટલી નીડરતા. પણ આ બધાથી યે ભારે અગત્યના ગુણ તે તો વિનય અને નમ્રતા.

સ્વયંસેવકનો પોષાક પહેર્યો, પટ્ટો ચડાવ્યો એટલે તો સીપાઇ બન્યા. કોણ જાણે કેમ, ઘણા સ્વયંસેવકોમાં એ સીપાઇગીરીનો તોર ને તોછડાઇ આવી જ જાય છે. 'અમે ન હોત તો આ કામ કોણ પાર પાડત? અમે કેટલી ભારે સેવા બજાવી દઈએ છીએ એનું બીજાઓને શું ભાન હોય?' આવા ભાવ સામાન્ય રીતે દરેક જણમાં આવી જાય છે. એ ભાવ ચેપી રોગ જેવા છે. એકવાર એવો વિચાર આવ્યો કે તે દ્રઢ થતો જાય છે. એનાથી બરોબર ચેતતા રહેવાની જરૂર છે. નરમાશ અને શાંતિ પુરેપુરાં ન હોય તે સ્વયંસેવક જ ન કહેવાય.

સેવા કરવાની ઇચ્છા રાખનારે ખોટી શરમ તો મુકવી જ જોઇએ. સ્વયંસેવક એટલે હલકામાં હલકું કામ પણ કરી શકે તેવો મજુર. સ્વયંસેવક એટલે મજુરો પર હુકમ ચલાવનાર મુકાદમ નહિ. મદદમાં મજુર ન હોય તો સોંપાયેલું કામ હવા ખાતું હોય એવું ઘણે ઠેકાણે બને છે. થોડો પણ બોજો ઉચકાય નહિ, પોતે ઉભા હોય અને કોઇનું કામ ખોટી થતું

હોય તો મદદ થાય નહિ. ખરે વખતે કોઈ હાજર ન હોય ત્યારે આગળ પડી કામ માથે ઉઠાવી લેવાય નહિ, એવો એવો પ્રમાદ સ્વયંસેવકોમાં હોય તો તે સ્વયંસેવક શાના?

કોઈની પણ સરસાઈ કે હરીફાઈ કરવાનો વિચાર સરખો પણ ખરા સ્વયંસેવકના મનમાં ન આવે. બીજાના દોષો કાઢી, તમારાં પરાક્રમો ગાઈવગાડી કે બીજાનાં કામોમાં ડખલગીરી કરી તમે કદી સેવા નથી કરી શકવાના. તમારા જેવું સરસ કામ કોઈ ન કરી શકે તો તેને પ્રેમથી મદદ કરો પણ તેમનાં વગોણાં કાઢી ઉઘાડા તો ન જ પાડો.

માથે ઉપાડેલું અથવા પોતાને સોંપવામાં આવેલું કામ સ્વયંસેવક સંપૂર્ણ પ્રમાણિકપણે અને શુદ્ધબુદ્ધિથી કરે. મન ઉપર પુરેપુરો સંયમ નાનામોટા કે ઉંચનીચ સૌ તરફ નિખાલસ પ્રેમ અને ગરીબ અબળ પ્રાણીઓનું ગમે તે ભોગે રક્ષણ કરવાની વૃત્તિ એ ખરા સ્વયંસેવકના ઉત્તમ ગુણો.

પણ આ જમાનામાં સ્વયંસેવક થવાની જરૂર પડે છે તે જ બતાવી આપે છે કે આપણા લોકોમાંથી સેવાભાવ નાશ પામ્યો છે. આપણા વડવાઓમાં એ સેવાભાવ એટલો જાગતો હતો કે તેઓ તે સ્વયંસેવકોનાં મંડળો બાંધવાનો ડોળ જ કરવો પડતો નહોતો. મિત્રોમાં, ઓળખાણવાળાઓમાં, પાડોશમાં કે નાતજાતમાં તો ઠીક, પણ કોઈ અજાણ્યાને પણ ભીડ આવી પડતી તો તેની મદદે તેઓ ખડા થઈ જતા. માંદવાડ વખતે રાત ને દિવસ ચાકરીમાં ઉભે પગે હાજર હોય જ. લગ્ન મરણના પ્રસંગે યોગ્ય ક્રિયાઓમાં સૌ ધર્મ માનીને અનેક કામ પડતાં મુકી આવી પહોંચે. આજની પેઠે એ વખતનાં નાતનાં જમણોમાં રસોઈઆઓ, પાણી ભરનારા, કામ કરનારા અને પીરસનારા પગારથી કે ભાડે નહોતા લેવા પડતા. એ આગળના જમાનાની સેવાબુદ્ધિ ને વ્યવસ્થા, સમાનભાવ ને નમ્રતા તથા કામ માટેની સદાની તત્પરતા આપણામાં કેમ ન આવે?

પ્રસાદ

सत्यान्न प्रमदितव्यम् । धर्मान्न प्रमदितव्यम् । कुशलान्न प्रमदितव्यम् । भूत्यै न प्रमदितव्यम् । स्वाध्याय प्रवचनाभ्यां न प्रमदितव्यम् । देवपितृकार्याभ्यां न प्रमदितव्यम् (उपनिषद्)

'સત્યમાં આળસ ન કર. ધર્મમાં આળસ ન કર. ક્ષેમમાં આળસ ન કર સમૃદ્ધિમાં આળસ ન કર પોતાના અભ્યાસમાં અને પ્રવચનમ આળસ ન કર. દેવતાઓનાં અને પિતૃઓનાં ઋણ ફેડવામાં આળસ ન કર.'

સત્ય આચરવું, ફરજ બજાવવી, કલ્યાણ કરવું અને દૈવી સંપત્તિ સંઘરવી; વિદ્યા મેળવવી ને પ્રગટ કરવી; દેવયજ્ઞ અને પિતૃયજ્ઞ કરી દેવતાઓ અને પિતૃઓનાં આપણી પ્રત્યેનાં ઋણ ફેડવાં.

વેદ ભણાવીને આચાર્ય વિદ્યાર્થીને આ શાસન આપે છે. સંસારના ભોગવિલાસમાં ખુંચી જઈ નવો ગૃહસ્થ વેદોપદેશ ન ભુલે એ આ શાસનનો હેતુ છે. ચિત્તના સુખ ખાતર શરીરના ભોગવિલાસ છોડી દેવા, અને આત્માના આનંદ ખાતર ચિત્તનું સુખ મુકી દેવું એ માનવધર્મ છે. વેદનું જ્ઞાન જીવનમાં ઉતારવાનો પુરૂષાર્થ કોઈએ છોડવો ન જોઈએ.

કુમારના વાંચકો જીવનભર આટલાં શાસન પાળે

ગયા અંકમાં આવેલા કરસનદાસ મુળજીના લેખમાં સરતચુકથી થઈ જવા પામેલી નીચેની ભુલ તરફ એક મિત્રે અમારૂં ધ્યાન ખેંચ્યું છે તેમનો ઉપકાર માનીએ છીએ.

પહેલા અંકને સાતમે પાને ''કરસનદાસ, કવિ નર્મદાશંકરના ભેરૂ હતા અને તંગીના વખતમાં તેમને મદદ કરતા. નર્મકવિતાનું પુસ્તક કવિ એમને અર્પણ કરવાના હતા, પણ શેરસટ્ટામાં કરસનદાસ પાયમાલ થયા. છતાં કવિએ પુસ્તક તો એમને જ અર્પણ કર્યું અને 'ધીર ધર ધીર ધર'ની કવિતા લખી મોકલી સાંત્વન આપ્યું.'' વગેરે બાબતો જે કરસનદાસ વિષે છે, તે કરસનદાસ મુળજી નહિ પણ કરસનદાસ માધવદાસ નામના બીજા શેઠ હતા.

માધુકરી

આ પ્રાંતમાં બોર્ડિંગો ઘણી છે. કેટલીક બોર્ડિંગો અથવા છાત્રાલયો તવંગર ઘરના છોકરાઓને માટે હોય છે, કેટલીક ગરીબોને માટે હોય છે. છાત્રાલયના ઉદ્દેશ બે હોય છે. છોકરાઓ માટે ખાવાની અને રહેવાની સગવડ, અને બીજું તેમનું જીવન નિયમિત થાય માટે તેમના ઉપર દેખરેખ. ગરીબોને માટે જે છાત્રાલય હોય છે તેમાં બન્ને વસ્તુ મફત આપવામાં આવે છે. આવાં છાત્રાલયો સાર્વજનિક દાનમાંથી ચાલે છે. ઘણાં છાત્રાલયો ઠીક ચાલતાં નથી એવી બુમ ઘણીવાર સંભળાય છે. પણ તેના કારણમાં આપણે નહિ ઉતરીએ. સંસ્થા એટલે જ સાર્વત્રિક નિયમ. તે વગર સંસ્થા ચાલી ન શકે. અને નિયમ તો બધાને માટે સરખા જ હોવા જોઇએ.

મહારાષ્ટ્રમાં એક એવી અદ્દભુત સંસ્થા છે જેની અંદર નિયમ નથી, છતાં તે સંસ્થા સાર્વત્રિક છે. તેનું નામ માધુકરી મહારાષ્ટ્રમાં અત્યાર સુધી છાત્રાલયનું નામ ન હતું. ગરીબ મહારાષ્ટ્રમાં છાત્રાલય જેવી સંસ્થા કાઢવી પણ સહજ નથી. અને ગરીબ વિદ્યાર્થીઓને ભણવાની સગવડતા તો કરવી જ જોઇએ. માટે જ ત્યાં માધુકરીની પ્રથા જુના કાળથી ચાલતી આવી છે. આ સુંદર પ્રથાનો લાભ ફક્ત બ્રાહ્મણ છોકરાઓ જ લઇ શકે છે એટલી જ તેમાં ખામી છે. બીજા છોકરાઓને માટે આવી સગવડ કરવામાં આવે તો પણ તે તેનો લાભ લેશે નહિ.

પણ માધુકરી એટલે શું?

એક ગામડાનો છોકરો દસ વરસનો થયો. એના મનમાં થયું કે આપણે ભણીએ તો જ આપણો ઉદ્ધાર થાય. બસ, તેણે પોતાની મા પાસેથી બેચાર રોટલીઓ, થોડી ચટણી, પૌંઆ અને ગોળ લીધાં, અને ચાલ્યો શહેરમાં. કયું શહેર? ગમે તે—પુના, સતારા, વાઇ, નાસિક, બેલગામ અથવા અમરાવતી. શહેરમાં જઇ બેચાર ઘરમાં રહેવાને માટે જગ્યા મળશે કે કેમ તેની તપાસ કરી. જગ્યા તો મફત જ જોઇએ. જગ્યા તો મળી નહિ છોકરો સીધો ગયો મંદિરમાં, અને ત્યાં એણે પોતાની પથારી પાથરી.

બીજે દિવસે મળસ્કે તે ઉઠયો. ન્હાઇધોઇ તિલક કરી નિશાળમાં શાસ્ત્રી પાસે ગયો.

'ગુરુજી, મારે ભણવું છે.'

'શું ભણવું છે?'

'સંસ્કૃત કે અંગ્રેજી જે હશે તે'

ગુરુજી કહે, 'તો ઠીક, બેસ ભણવા. તું કયાં રહેછે?'

'હું કાલે જ આવ્યો છું. મુરલીધરના મંદિરમાં રહું છું.'

દસ વાગે છોકરો ગુરુજી પાસેથી આવ્યો. હાથ-પગ ધોઇ પીતામ્બર પહેરીને હાથમાં ઝોળી પકડીને તે બહાર નીકળ્યો. ઝોળી એટલે બે હાથ ચોરસ લુગડાના બબ્બે છેડાની ગાંઠ વાળેલી હોય છે અને વચ્ચે થાળી મુકેલી હોય છે. એક હાથમાં ઝોળી અને બીજા હાથમાં અંદરથી કલાઇ કરેલો એક લોટો. (આ લોટાને મહારાષ્ટ્રમાં તપેલી કહે છે.) આટલું સાહિત્ય લઇને જે પોળમાં એ રહેતો હતો ત્યાં એક બારણા આગળ ઉભા રહીને તેણે સ્પષ્ટ અને શુદ્ધ અવાજથી પુકાર કર્યો, 'ॐ भवति भिक्षां देहि'. તરત જ મોટું પીતામ્બર પહેરેલી એક સ્ત્રી ઘરમાંથી બહાર આવી અને પુછ્યું, 'अरे मुला! तू नवीन दिसतोस. तू कुठला?

इकडे कोण.कडे शिकतोस ? ' (અરે છોકરા ! તું કોઇક નવો લાગે છે. તું ક્યાંથી આવ્યો ? અહીં કોને ત્યાં ભણે છે ?) બિચારાને ગુરુજીએ જેટલા પ્રશ્ન નહિ પુછેલા તેના કરતાં બમણા પ્રશ્નોનો તેને અહીં જવાબ આપવો પડ્યો. પ્રશ્નોમાં તિરસ્કાર બીલકુલ નહિ; અને સહાનુભૂતિ પણ નહિ. તે તો છોકરાએ મેળવવી જોઇએ. છોકરાએ ટુંકામાં પણ નિખાલસ દિલથી બધા જવાબ આપ્યા, એટલે કાકુ અંદર ગઇ અને મુઠીભર ભાત, રોટલાનો એક નાનો કટકો અને એકએ કડછી ખાટી દાળ છોકરાને આપી. રોટલા ઉપર ઘીનાં એકએ ટીપાં તો હોય જ.

તમે કહેશો કે કેટલી કંજુસાઇ! હા, કંજુસાઇ તો ખરી; પણ આવા પાંચદસ છોકરાઓ રોજ માધુકરી માટે તો આવે જ. અને ઘરની કાકુ બધાને થોડુંથોડું આપે. આટલું લીધું અને ગયો છોકરો બીજાને ત્યાં. ત્યાં પણ ॐ भवति भिक्षां देहि। ત્યાં પણ એવા જ સવાલ અને જવાબ. ત્યાંથી પણ એને એટલું જ મળ્યું. ખાટી દાળને બદલે અહીં શાક હતું. ત્રીજે ઘેર ગયો. ત્યાંની કાકુએ કહ્યું, 'હજી રસોઇ તૈયાર થઇ નથી. પણ જો જોઇતો હોય તો થોડો ગોળ આપું.' છોકરો પાંચ ઘર ફર્યો એટલે તેને બે ટંક પુરતું ખાવાનું મળી ગયું.

ઉતારે આવીને જે મળ્યું હતું એમાંથી કેટલાક રોટલાના કટકા, ગોળ અને શાક તેણે સાંજને માટે કેળના પાંદડા ઉપર જુદાં રાખી દીધાં. બાકીનું ખાઇ, થાળી ઉટકી, એ જ થાળીમાં સાંજનું ખાવાનું મુકી ઝોળી ખીટી પર ટાંગી દીધી; કેમકે એને બીલાડીની મહેમાનગીરી કરવી ન હતી. ફરી બપોરે ભણવા ગયો. ત્યાં નીશાળના કેટલાક છોકરાઓ સાથે દોસ્તી કરી. સાંજે બધા છોકરા સાથે સારીપેઠે રમ્યો. એની રમવાની હોશીઆરી જોઈ સહુ એના ઉપર ખુશ ખુશ થઈ ગયા.

મહારાષ્ટ્રમાં આવી માધુકરી માગી ખાવું અપમાનભરેલું ગણાતું નથી. ગરીબાઇ એ કાંઇ પાપ નથી; આળસ પાપ છે. છોકરો કોઇ એક ઘર ઉપર આધાર રાખતો નથી, કેમકે તેથી એને પરતંત્ર થવું પડે, ઘરના લોકોની ખુશામત કરવી પડે અને ઘણો વખત પણ ગુમાવવો પડે. જમવાનો, ભણવાનો, નીશાળે જવાનો વખત ત્યાં ન સચવાય. માટે જ એ પાંચદસ ઘર ફરે છે. જાતજાતનું ખાવાનું એને મળે છે, બધા લોકો સાથે એને ઓળખાણ થાય છે, અને સૌથી વિશેષ તો એ કે જેટલાને ત્યાંથી એ ખાવાનું લઇ આવે છે તેટલાની એના પર દેખરેખ રહે છે. આ બધા લોકોની માયા મેળવવી કે મળતી માધુકરી ગુમાવવી એ એના ચારિત્ર અને ઉદ્યોગ ઉપર છે. છોકરો માંદો પડે તો આ પાંચદસ ઘરમાંથી કોઈ ને કોઇ તેની સારવાર તો કરે જ. પણ માધુકરી માગતો છોકરો માંદો પડે જ શાનો ?

ત્રીજે દિવસે રજા હતી. છોકરો નવા કરેલા મિત્રોને ત્યાં ગયો. ત્યાં તેને જોઇતી જુની ચોપડીઓ મળી ગઇ. અમરકોષ અથવા ડિક્ષનરી જેવી ચોપડી તો એને મળે જ નહિ. પણ કાંઈ ફિકર નહિ. બપોરે કે રાત્રે કોઇપણ છોકરાને ત્યાં જઇ ડિક્ષનરીમાંથી એ શબ્દો ખોળી કાઢશે.

છોકરાનું ભણતર ઠીક ચાલ્યું. પણ એને વ્યાકરણ કંઈ ઠીક આવડે નહિ. હવે શું કરવું ? પેલો દેશપાન્ડેનો ગણપત હુશીઆર છે. એ રોજ અરધો કલાક આપશે તો બે મહીનામાં હું તૈયાર થઇ જઇશ. છોકરો ગયો ગણપતને ત્યાં, અને કહેવા લાગ્યો. 'ગણપત, હું તારે ત્યાં રોજ દેવપૂજાને માટે ફુલ અને તુલસી આણી આપીશ; મને તું વ્યાકરણ ભણાવીશ ?' ગણપતે કહ્યું, 'ખુશીથી.'

બે મહીનામાં છોકરો વ્યાકરણમાં હુશીઆર થયો. એક દિવસ ગણપતના દાદાએ છોકરાને પુછ્યું, 'તને દેવપૂજા આવડે છે ?' છોકરાએ કહ્યું, 'ના જી; હું તો ફક્ત સંધ્યા અને રામરક્ષા ભણ્યો છું.' ડોસાએ કહ્યું, 'ત્યારે અમારા ગણપતને પુરુષસૂક્ત ભણાવવા રામભટ શાસ્ત્રી આવે છે એની પાસે તું પણ આવીને ભણજે' ડોસો મનમાં વિચારવા લાગ્યો, 'છોકરો હુશીઆર લાગે છે. બે મહીનામાં વ્યાકરણ શીખી ગયો. ગણપત સાથે વેદ ભણશે તો ગણપત પણ ખંતથી અભ્યાસ કરશે. સ્વાર્થ પણ થયો અને પરમાર્થ પણ થયો.'

ધીમે ધીમે છોકરાનું શરીર, એનું ભણતર, એનું ચારિત્ર અને કીર્તિ વધતાં ગયાં. સ્વાભાવિક રીતે એના દસબાર

વાલીની એના તરફ સહાનુભૂતિ પણ વધી. છોકરાનાં ચારિત્ર અને હુશીઆરી જોઈ ગણપતના દાદાએ એને કહ્યું, 'તું મંદિરમાં રહે છે એના કરતાં અમારે ત્યાં આવીને રહે. અમારે ત્યાં જ તું જમ અને રોજ સવારની પૂજા કર.' છોકરો કહે, 'તમારે ત્યાં રહેવા તો આવું, પણ તમારે ત્યાં જમવાનું બહુ મોડું થાય છે માટે હું તો માધુકરી માગીને જ ખાઈશ. તમારે ત્યાં હું દેવપૂજા કરીશ. તેને બદલે તમે મને પહેરવાનાં કપડાં અને લાયબ્રેરીના ચાર આના આપશો તો ઠીક થશે.'

ઘણાં વરસ આવી રીતે વીતી ગયાં. હવે તે છોકરો શહેરના એકબે છોકરાને ગણિત ભણાવે છે. તેમાંથી એને દસબાર રૂપીઆ મળે છે. છતાં એણે માધુકરી તો છોડી જ નહિ. માધુકરી તો અન્નપૂર્ણા દેવી છે. છસાત વરસ પછી તે છોકરો ગણપત સાથે......કૉલેજમાં ગયો. ત્યાંની રેસિડેન્સી (છાત્રાલય)માં સાત કલબ છે. ત્યાં પણ ગણપતની ઓળખાણને લીધે બધી કલબમાં એને 'વાર' મળ્યા. 'વાર' એટલે અઠવાડીઆમાં એક એક કલબમાં એક એક દિવસ મફત જમવાની છુટ. આ રીતે દરેક કલબમાં મહીનામાં તે ચાર દિવસ મફત જમે છે. તેથી તે કંઇ કોઇ ખાસ વ્યક્તિનો ઓશીઆળો નથી. વાદવિવાદની સભામાં તે આગળપડતો ભાગ લે છે, પ્રતિસ્પર્ધીઓનો તે સખત વિરોધ કરે છે અને પોતાના મત વિષે અભિમાન ધરાવે છે. છોકરાઓને ભણાવીને મેળવેલા પૈસાથી એણે પ્રથમ સત્રની ફી આપી. સત્રાંત પરીક્ષામાં એનો નંબર ત્રીજો આવવાથી એને છાત્રવૃત્તિ (સ્કૉલરશિપ) મળી. ધીમે ધીમે તે પ્રખ્યાત વિદ્વાન બની ગયો.

આજે એને સારો પગાર મળે છે. એને ત્યાં ત્રણ વિદ્યાર્થીઓ રહે છે અને દસ વિદ્યાર્થીઓને રોજ માધુકરી મળે છે.

મારા એક વિદ્યાગુરુ આ જ રીતે ભણેલા, અને ત્યાં જ તેઓ અમારી હાઇસ્કુલના હેડમાસ્તર થયા હતા. જે તપેલીમાં તેઓ માધુકરીના ખાટી દાળ લેતા તેમાં રૂપીઆ ભરીભરીને તેમણે બ્રાહ્મણોને દાન આપ્યાં! ઘરમાં તે બહુ જ કંજુસાઇથી રહેતા એટલા માટે પાડોશીઓ તેમની નિંદા કરતા. પણ જ્યારે તેઓ ગુજરી ગયા ત્યારે તેમણે પોતાની જીંદગીની કમાણી પોણો લાખ રૂપીઆ શિક્ષણના કાર્યને માટે દેશને આપી દીધા! શ્રદ્ધાપૂર્વક હું તેમને પ્રણામ કરું છું.

('મધપુડા'માંથી) **કાકા કાલેલકર**


જરા ચેતજો

રૂડબાની નીશાળમાં એક છોકરો ઘણા ખરાબ અક્ષરો લખતો હતો તેથી તેના શિક્ષકે તેને તે બાબત ઠપકો આપ્યો હતો; પણ તેણે એ વખતે તો કંઈ જ ગણકાર્યું નહિ.

દસ વરસ પછી તે ક્રીમીઆની લડાઈ વખતે એક અમલદાર બનીને ત્યાં ગયો હતો. ત્યાં તેનો લખેલો એક હુકમ તેના ખરાબ અક્ષરને લીધે ઉકેલાઇ ન શકવાથી ઘણા બહાદુર સીપાઇઓના જાનની ખુવારી થઇ હતી.

*

શાહેરમાં એક માણસે સાઠ રૂપીઆની નોટો એક માટલામાં મુકી હતી. થોડા દિવસ પછી અંદર હાથ ફેરવે તો કાંઈ ન મળે! ખરા પરસેવાથી મેળવેલી કમાણી આમ એકાએક અલોપ થઈ ગયેલી જોઇને તેને બહુ દુઃખ થયું. કોઇ લઇ તો નહિ ગયું હોય? ઘેર આવનાર જનાર પર શંકા કરી, પાડોશીઓ પર શંકા કરી, પણ કંઈ વળે એમ નહોતું. થોડીવારે અંદરથી કચરો કાઢ્યો તો બધી નોટોની જ ઝીણી ઝીણી કરચો! ઉંદરોએ માટલામાં કંઇક ખાવાનું હશે એમ ધારીને ધાડ પાડેલી; પણ કાગળ'આ જોઈ ગુસ્સે થવાથી નોટોનો નાશ કરીને રવાના થઇ ગયેલ!



ઉષા

ઉષા આવે જો મલકાતી!

પતિવ્રતાના પુણ્ય સરીખી,
નવયૌવનની આશા જેવી;
સુતા જગને જાગૃત કરતી
પ્રભાતની એ ઉજ્જ્વળ દેવી:
પ્રકાશને પુરે છલકાતી,
ઉષા આવે જો મલકાતી!

ભક્તજનોના ભાવ ભરેલા
ભૈરવના સૂર છાઈ રહ્યા;
મસ્જીદમાં મુલ્લાંની બાંગે
માલિકના ઉચ્ચાર થયા:
એ નિર્મળ રસ-સરમાં ન્હાતી,
ઉષા આવે જો મલકાતી!

કુહૂ કરતી કોયલ જાગી,
જાગ્યા ભમરાઓ ગણગણતા;
બાળ હસુરતી માતા જાગી,
+ વિપ્રો જાગ્યા મંત્રો ભણતા:
મંદિરમાં મંગલમય થાતી,
ઉષા આવે જો મલકાતી!

ઉજાળ્યું આકાશ અનુપમ,
ઉજાળી આ દુનીઆ આખી;
ઉજાળ્યાં સર–સાગરનાં જળ,
તેજસ્વી ચંચળ દગ નાખીઃ
તિમિરતણી ભીંતો ભેદાતી,
ઉષા આવે જો મલકાતી!

પંખીતણો કલ્લોલ જ ઝીલી
સ્ફુર્તિદાયક પવન સરે;
તેતર મીઠું તિતિલિક્ તિલ્લી
ખેતરને ખુણે ઉચરેઃ
ચકવી ચકવા પાસે ધાતી,
ઉષા આવે જો મલકાતી!


સીમાડે સિંધુ દૂર ગાજે,
ગાજે ગોરસ ઘેર ઘમમ્ ઘમ્;
ગાજાની નોબત ગગડે ને
દેવનગારાં થાય ધમમ્ ધમ્ઃ
એમાં રમઝમતી મદમાતી,
ઉષા આવે જો મલકાતી!

આથમતો પ્રિય ચંદ્ર નીહાળી
પોયણુ અંતરમાં તલસે;
ભૂં ભૂં કરતા ભૃંગે વાટયાં
કમલવૃંદ મન મંદ હસેઃ
એના મકરંદે છંટાતી,
ઉષા આવે જો મલકાતી!

વાદળીઓએ સ્વસ્તિક પુર્યા
વ્યોમતણા શુભ્રોદરમાં;
ઘોર નિશા નાહી ઘર મુકી,
પેઠી પર્વત–કોતરમાંઃ
કેવી ભવ્ય ગભીર જણાતી,
ઉષા આવે જો મલકાતી!

પ્રીતમના પૂજનને કાજે
અંગે ઉજળો સ્વાંગ ધર્યો;
ઝગઝગતા તારાનાં મોતી
વીણી વીણી થાળ ભર્યોઃ
રવિ વધાવા તત્પર થાતી
ઉષા આવે જો મલકાતી!

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ



[મોટાં માણસો નાનાં હતાં ત્યારે]

રવીન્દ્રનાથ ઠાકુર

જગતને ગુજરાતના જીવનમાંથી મહાત્મા ગાંધીજી અને બંગાળાની કલ્પનામાંથી કવિ રવીન્દ્રનાથ ઠાકુર મળ્યા છે. વર્તમાન ભારતની આ મોટી વિભૂતિઓ છે. માનવજાત પ્રત્યેના પ્રેમને લીધે રવીન્દ્રનાથ વિશ્વકવિ કહેવાયા છે. ખરે, એ આ યુગના ઋષિ છે

રવિબાબુ મહાન પિતાના મહાન પુત્ર છે. એ ઠાકુર કુટુંબ સંસ્કારી અને શ્રીમંત છે. ભક્તિનાં કાવ્યોથી ભરેલી 'ગીતાંજલિ' માટે એમને 'નોબેલ પ્રાઇઝ' મળેલું છે. પ્રજા ઉપર હિન્દી સરકારનો ત્રાસ વર્ત્યો ત્યારે એમણે 'સર'નો ઇલકાબ છોડી દીધો. પોતાનું સઘળું દ્રવ્ય રવિબાબુએ પોતાની શાળા 'શાન્તિનિકેતન'ને સમર્પ્યું છે. સૌ પ્રજાઓમાં એકભાવ આવે માટે એમણે હાલ વિશ્વભારતી નામનું વિશ્વવિદ્યાલય સ્થાપ્યું છે. 'વિશ્વભારતી' નામનું ત્રિમાસિક પત્ર પણ તેમના તરફથી પ્રગટ થાય છે. એમની કવિતાઓ અને લેખો એ પ્રથમ પોતાની માતૃભાષા બંગાળીમાં લખીને પછી જ અંગ્રેજીમાં ભાષાન્તર કરે છે. આથી પૂર્વની સંસ્કૃતિનો લાભ પશ્ચિમને મળે છે. એમની કવિતાઓમાં ઉચ્ચ કલ્પનાઓ અને નાટકોમાં ગૂઢ ભાવો ભર્યા છે.

દુનીઆ આખાની એમણે મુસાફરી કરી છે. એ કહે છે કે પશ્ચિમની કહેવાતી સ્વતંત્ર પ્રજાઓ દ્વેષ, ઝેર અને સ્થૂળ વૈભવની મારામારીથી એટલી ભરેલી છે કે એ લોકના જીવનમાં ક્યાંય ચેન નથી. એશીઆના તત્ત્વજ્ઞાનમાં તેમને માટે શાંતિનો સંદેશો છે. રવિબાબુ વિજ્ઞાનની કાપકૂપીઓ અને યાંત્રિક પદ્ધતિને ધિક્કારે છે. સત્તા અને પૈસા કરતાં એ સત્ય અને સૌંદર્યના પુજારી છે.

કોઈ ગાંધર્વનો હોય તેવો મીઠો અને મોહક એમનો કંઠરવ છે. ખાનગી મિત્રમંડળ આગળ એ ઘણા આનંદથી પોતાનાં કાવ્યો ગાય છે તેમ જ પોતાનાં નાટકોના પાઠ પણ ભજવે છે. નાના હતા ત્યારે જેને શિષ્ય થવું ન ગમતું તે આજે મહાન ગુરુ બની ગયા છે. પોતાની મેળે એમણે આટલો વિકાસ કર્યો છે. શાન્તિનિકેતનના તો એ ગુરુદેવ છે. દેખાવે ગંભીર, પરંતુ હાસ્યરસના એ ભંડાર છે. હવે તો છેક વૃદ્ધ થયા છે છતાં એમનું હૃદય એટલું જ રસીલું, નિર્મળ અને સરળ છે. બાળકો આગળ એક વખત રવિબાબુએ કહેલું કે 'જોકે મારી સફેદ દાઢી અને વાળ તથા લાંબા ઝભ્ભાથી હું જબ્બર જણાતો હોઈશ, પણ મને લાગે છે કે હું તદ્દન બાળક છું અને સદાયે બાળક રહેવા માગું છું.'

રવિબાબુએ ઘણાં કાવ્યો, નવલકથાઓ, રસભરી ટૂંકી વાર્તાઓ અને નાટકો લખ્યાં છે. જગત આખામાં એમનું સાહિત્ય બહુ માનથી વંચાય છે.

એમની વાણીમાં મધુર અમૃત ઝરે છે; એમના ચહેરા પર ગૂઢ ભાવ નીતરે છે; એમની આંખોમાંથી શીતળ શાંતિ ઝરે છે.

એમના બાળપણના કેટલાક જીવનપ્રસંગો 'કુમાર'ના વાચકોને ઉપયોગી ધારી એમણે પોતે લખેલાં 'સંસ્મરણો'માંથી અમે આ નીચે ઉતારીએ છીએ.

સંસ્મરણો

બાળપણ

અમે નોકરોના સામ્રાજ્યમાં ઉછર્યા હતા. ચાકરોએ પોતાની સગવડતાની ખાતર અમારો સ્વેચ્છાથી વર્તવાનો હક છીનવી લીધો હતો. પણ અમારા વડીલો તરફથી અમને બહુ લાડ લડાવવામાં આવતા ન હોવાથી અમને ચાકરોની સખ્તાઈ બહુ ભારે ન

લાગતી. અમારા ખોરાકમાં પણ સ્વાદ કે ચટાકા જેવું કાંઇ જ હતું નહિ. અમે તે વખતે જે કપડાં પહેરતા તે જો ગણાવું તો આજના છોકરાઓ તો તિરસ્કાર કરે. અમે દસ વરસના થયા ત્યાં સુધી મોજાં કે જોડા પહેરતા જ નહિ. શીઆળામાં બદન ઉપર વધારાની એક સુતરાઉ બંડીથી કામ પતી જતું. પણ કપડાં ઓછાં મળવાને લીધે અમને કદિ અસંતોષ ન થતો. માત્ર જ્યારે અમારો ઘરડો દરજી અમારા બદનને ગજવાં ચોડવાં ભુલી જતો ત્યારે જ અમે બબડતા. કારણકે જેને પોતાના ગજવામાં મુકવાનું કંઈ ન હોય એવો ગરીબ છોકરો આજ સુધી કદી થયો નથી. અને દયાળુ પરમેશ્વરના કૃપાથી ગરીબ કે તવંગર માબાપના છોકરાઓની ગજવામાં મુકવાની દોલતમાં કંઈ જ ફેર હોતો નથી. વળી, અમને દરેકને જોડાની એક સાદી જોડ આપવામાં આવતી ખરી, પણ અમારા જોડા અમારા પગમાં જ હોય એવું તો કોઇ દિવસ બને જ નહિ! પગથી જોડાને ઉંચે ઉછાળીને પાછા ઝીલવાની અમારી ટેવને લીધે જોડા અપાવવાનો હેતુ જરા પણ પાર પડતો નહિ, છતાં એથી જોડાને ઘસારો તો પહેરવા જેટલોજ લાગતો.



પાણીનો હોજ

અમારા ચાકરોના ઘરની ઓરડીની બારી નીચે જ એક હોજ હતો. તેના ચારે બાજુના ઓવારાનાં પગથીઆં છેક પાણી સુધી જતાં હતાં. એ હોજની પશ્ચિમ બાજુએ એક વિશાળ ઘટાદાર વડનું ઝાડ હતું. તેની દક્ષિણ દિશાએ નાળીએરીની હાર આવી રહી હતી. અમારા ચાકરોમાં એક શ્યામ કરીને હતો. તે આ બારીની પાસે એક જગ્યાએ મને બેસાડીને મારી આસપાસ ચાકનું કુંડાળું દોરતો અને પછી ગંભીર મોં કરી આંગળી બતાવી એ કુંડાળું ઓળંગવાથી આવી પડનારાં અનિષ્ટ પરિણામોની મને બીક દેખાડતો. કુંડાળું ઓળંગવાથી કેવી જાતનું નુકસાન મને થશે એની મને કંઈ ખબર નહોતી, છતાં મારા મનમાં તે વિષે એટલી ઉંડી બીક પેસી જતી કે હુ એમાંથી બહાર નીકળતો નહિ; કારણકે લક્ષ્મણજીએ સીતાજીને દોરી આપેલા કુંડાળા બહાર પગ મુકવાથી તેમને કેવી વિપત્તિઓ નડી હતી તે મેં વાંચી હતી.

એ કુંડાળામાં બેઠો બેઠો હું બારીના પડદામાંથી કોઇ પુસ્તકનાં ચિત્રો જોતો હોઉં તેમ બહારનો બધો દેખાવ જોયા કરતો. સવારથી અમારા પડોશીઓ એક પછી એક ત્યાં આગળ ન્હાવાને આવવા માંડતા. દરેક જણને આવવાનો ચોકસ સમય પણ મને બરોબર યાદ હતો. દરેકની લુગડાં પહેરવાની અને વાળ ઓળવાની ખાસીઅતથી પણ હું અજાણ્યો નહોતો. દરેક જણની ન્હાવાની ઢબ પણ મારા ધ્યાનમાં રહેતી. એક માણસ તો પોતાના કાનને આંગળીઓથી દબાવીને પછી રોજનાં ઠરેલાં પાણીમાં ડુબકાં મારીને ચાલવા માંડતો. બીજો એક માણસ વળી માથાબોળ ડુબકું ખાવાની હિમ્મત જ કરતો નહિ, પણ પોતાના માથા ઉપર ભીનો ટુવાલ જ ફેરવ્યા કરતો. ત્રીજો માણસ પોતાના હાથ ઝડપથી હલાવીને પાણીની સપાટી પરનો મેલ દૂર કરી નાખી પછી એકદમ

ડુબકું મારી લેતો. એક જણ તો વળી ઉપલે પગથીએથી જ ભુસકો મારી દેતો. બીજો એક માણસ મોઢેથી મંત્રોચ્ચાર કરતો કરતો ધીમે ધીમે પાણીમાં આગળ વધતો. વળી એક એવો ઉતાવળીઓ હતો કે ડુબકું ખાઇને તરત જ ઘર તરફ ચાલવા માંડતો; જ્યારે બીજો એક આવતો તે બધું કામ શાંતિથી ધીરે ધીરે કરતો. નાહ્યા પછી ઘસીને ડીલ લુછતો, ભીનાં કપડાં બદલીને કોરાં પહેરતો, પછી બહારના બાગમાં એક બે ચક્કર મારી ફુલ ભેગાં કરીને છેવટે પોતાના શરીરમાંથી સંતોષ પ્રસારતો ધીમે ધીમે ઘર તરફ જતો. ત્યાર પછી ન્હાવાની જગ્યા સુનકાર થઇ શાંત પડી રહેતી.

મારી નીશાળ


મારા ઘરના એક ઓટલાના ખુણામાં મેં એક નીશાળ માંડી હતી. ઓટલાના કઠેરાના લાકડાના ઉભા ડાંડાઓ મારા નીશાળીઆઓ થતા, અને હું હાથમાં નેતર લઈ સામે ખુરશી પર બેસી તેમનો શિક્ષક થતો. કયા વિદ્યાર્થીઓ સારા અને કયા નઠારા હતા એ પણ મ નક્કી કર્યું હતું; એટલું જ નહિ પણ તોફાની અને શાંત, હુશીઆર અને ઠોઠ વગેરેને પણ હું ચોકસ રીતે ઓળખતો. તે કઠેરાનાં ખરાબ લાકડાંઓએ તો મારી નેતરનો એટલો બધો માર ખાધો હતો કે તેઓ જો જીવતાં હોત તો ભણવા કરતાં મરવાનું હજાર દરજ્જે પસંદ કરત.

સાહિત્યમાં પ્રવેશ

અમારા ઘરના ચાકરોની ઓરડીઓમાં વપરાતી ચોપડીઓ દ્વારા મેં પહેલવહેલો સાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. તેમાં ચાણક્યનાં સૂત્રોનું બંગાળી ભાષાંતર અને કૃતિવસાનું રામાયણ એ બે મુખ્ય પુસ્તકો હતાં.


કવિતા કરવાની શરૂઆત

આ વખતે મારી ઉમર આઠ વર્ષ કરતાં વધારે નહિ હોય. મારી બહેનનો દીકરો જ્યોતિ તે વખતે મારા કરતાં ઘણો મોટી ઉમરનો હતો અને તેણે અંગ્રેજી સાહિત્યમાં પ્રવેશ કરવા માંડ્યો હતો. મારા જેવા બાળક પાસે કવિતા કરાવવાનું એના મનમાં કોણ જાણે શાથીયે આવ્યું હશે તે હું કહી શકતો નથી. એક દિવસ એણે મને પોતાની ઓરડીમાં બોલાવીને એક કવિતા કરવાનું કહ્યું, અને ચૌદ પદનું પ્રેઅર રાગનું બંધારણ મને સમજાવ્યું. મારી મરજી પ્રમાણે મેં કેટલાક શબ્દો ગોઠવ્યા અને તે બધાયે પ્રેઅર રાગમાં ગોઠવાઇ ગયા ત્યારે મને લાગ્યું કે કવિ થવું એ કાંઇ ભારે વાત નથી! આમ પહેલી ક્ષોભની લાગણી દૂર થઈ એટલે તો પછી હું અટકું જ શાનો? અમારી જમીનનો વહીવટ કરનાર એક કારભારી પાસેથી મેં એક ભુરી નોટબુક મેળવી. મારે પોતાને હાથે તેમાં પેનસીલથી ઉભી સીધી લીટીઓ દોરી લીધી અને તેમાં જ બાળપણના મોટા મોટા શીખાઉ અક્ષરે કવિતાઓ ચીતરવા માંડી. નાના હરણને જ્યારે નવાં શીંગડાં આવે છે ત્યારે તે આમતેમ કુદે નાચે છે અને પોતાનાં શીંગડાં ઘસે છે. મેં પણ મારી કવિતા સાથે ચારે તરફ ધમાલ મચાવી મુકી. મારી કવિતા સાંભળનારા શ્રોતાજનોની શોધ કરવામાં મારા કરતાં મારા મોટા ભાઈ જ્યોતીન્દ્ર વધારે ઉત્સાહભર્યો ભાગ લેતા. એક દિવસ અમારા ઘરને તળીએ આવેલી કચેરીમાં બેઠેલા અમારા કારભારીઓ પર કવિતા લઇને એક વિજયી હુમલો કરી અમે પાછા ફરતા હતા, તેવામાં 'નૅશનલ પેપર'ના અધિપતિ નવગોપાલ મિત્ર અમારા ઘરમાં દાખલ થયા. મારા ભાઇએ પાધરા જ તેમને પંજામાં લીધા, 'જુઓ, નવગોપાલ બાબુ! રવિએ કવિતા બનાવી છે તે તમે નહિ સાંભળો?' એમ કહી રહ્યા એટલામાં તો કવિતાનું વાંચન શરૂ પણ થઈ ગયું. હજી સુધી મારી કવિતા ચોપડાબંધ થઇ ન હતી. કવિ પોતાની બધી કૃતિ પોતાના ગજવામાં જ લઈ જઈ શકતો. લેખક, પ્રકાશક, છાપનાર જે જુઓ તે હું એકલો જ! અને મારી જાહેરખબર ફેલાવનાર મારા ભાઈ મારી જોડે મદદમાં હતા. મેં કમળ ઉપર કવિતા બનાવી હતી તે ત્યાં ને ત્યાં નવગોપાલ બાબુને સંભળાવી દીધી! અને તેનો છેવટનો ભાગ તો મારામાં જેટલું જોર હતું તેટલા જોરથી ઉંચે સ્વરે ગાઇ બતાવ્યો. એમણે કવિતા સાંભળીને કહ્યું, 'સારી છે.' પણ હસતાં હસતાં પુછ્યું, 'દ્વિરેફ એટલે શું?' આ શબ્દ મેં ક્યાંથી ઝડપી લીધો હતો તે મને યાદ નથી, પણ આખા કાવ્યમાં મારી આશા મેં એ એક જ



ફોટો: શંકરરાવ ડહાકે

કવિવર રવીન્દ્રનાથ ઠાકુર



ગરવી ગુજરાત

અમદાવાદમાં આવેલી સીદીસૈયદની મસ્જીદમાંની પત્થરમાં આરપાર કોરેલી અદ્ભુત જાળી

Photo:
Johnston and Hoffmann

સીદીસૈયદ એ અમદાવાદ શહેર સ્થાપનાર બાદશાહ અહમદશાહનો ગુલામ હતો. બાદશાહની તેનાપર બહુ મહેરબાની હતી. ધીરેધીરે તે ધનવાન અને સત્તાવાન થયો અને શાહી હદમાં જ તેણે એક સુંદર મસ્જીદ બંધાવી. પાછળના વખતમાં તે મકાન પર લડાઇના પુષ્કળ ધસારા થયા. અને હમણાં છેવટના ભાગમાં તેમાં સરકારી આફિસો કરવા સારૂ કેટલાક ફેરફારો કરવામાં આવ્યા હતા

પરંતુ આ મસ્જીદની ખરી જાહોજલાલી તો તેમાંની પત્થરમાં આરપાર કોરેલી મોટી સુંદર જાળીઓથી છે. કહેવાય છે કે તેમાં ત્રણ જાળીઓ હતી. તેમાંથી એક લૉર્ડ કર્ઝન વીલાયત લઇ જવા માટે કઢાવી ગયો: પણ મુંબઇ પહોંચતાં જ તે ભાંગી ગઇ. એ ભાંગેલા ટુકડાઓ ઉપરથી પ્લાસ્ટર પર લઇ લીધેલી છાપ હજી મુંબઇમાં શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીના કલાસંગ્રહમાં છે. અત્યારે મસ્જીદમાં બે જાળીઓ હયાત છે અને તે બન્ને સુરક્ષિત છે. તે નીચેથી દસ ફુટ પહોળી છે અને ઉંચાઇમાં સાત ફુટ છે. એશીઆ આ ભાગમાં એ જાળીઓના જોટો નથી.

શબ્દ ઉપર બાંધી હતી. તે શબ્દને લીધે કારભારીઓ પર તો ધારેલી અસર થઇ હતી, પણ નવગોપાલ બાબુ તેમાં સપડાયા નહિ એ ઘણું આશ્ચર્યકારક હતું. ઉલટું તે તો હસવા લાગ્યા! તે પરથી મારી ખાતરી થઇ કે નવગોપાલ બાબુ પોતે સમજુ અને કદરદાન માણસ નથી! ત્યાર પછી કોઇ પણ વાર મેં એમને કવિતા ગાઇ સંભળાવી ન હતી.

અરધી ટીકીટ

મારા પિતા સાથે હું હિમાલય જવા નીકળેલો ત્યારે રસ્તે ગાડીમાં બનેલો એક બનાવ મારા સ્મરણમાં હજી તાજો છે. ગાડી કોઇ મોટે સ્ટેશને ઉભી હતી. ત્યાંનો એક ટીકીટ તપાસનાર આવ્યો. તેણે મારી ટીકીટ તપાસી મારા તરફ કુતૂહલથી જોયા કર્યું. તે જતો રહ્યો અને થોડી વાર પછી એક બીજા ટીકીટ તપાસનારને લઇને આવ્યો. તે બન્ને જણા માંહેમાંહે કંઇ વાત કરી પાછા જતા રહ્યા. છેવટે સ્ટેશનમાસ્તર પોતે આવ્યો. તેણે મારી અરધી ટીકીટ જોઇને કહ્યું, 'આ છોકરાને બાર વરસ પુરાં થયાં નથી?' મારા પિતાએ કહ્યું, 'ના'. તે વખતે હું અગીઆર વર્ષનો હતો, પણ મારી ઉમર કરતાં મોટો દેખાતો હતો. સ્ટેશનમાસ્તરે કહ્યું, 'તમારે એનું આખું ભાડું ભરવું પડશે.' મારા પિતાની આંખો ક્રોધથી ચમકી ઉઠી અને તેમણે કોટમાંથી એક નોટ કાઢીને સ્ટેશનમાસ્તરને આપી. જ્યારે તેણે બાકી વધેલું પરચુરણ લાવીને મારા પિતાને પાછું આપ્યું ત્યારે મારા પિતાએ તે લઇને સ્ટેશનના પ્લૅટફૉર્મ પર ફેંકી દીધું અને ત્યાંના પથરાઓ પર ખન ખન અવાજ થઇ ઉઠયો. સ્ટેશનમાસ્તર પોતે દર્શાવેલી શંકા કેટલી હલકી હતી તે જોઇ શરમિંદો થઇ નીચું ઘાલી ચાલતો થયો.

મારાં કાવ્યોની કદર

એક વખતે માઘ ઉત્સવમાં મેં કેટલાંક ગીત તૈયાર કર્યાં હતાં. મારા પિતા એ સમયે ચિન્સુરામાં પથારીવશ હતા. તેમણે મને અને મારા ભાઈ જ્યોતીન્દ્રને બોલાવ્યા, અને જ્યોતિદાદાને હારમોનીઅમ પર બેસાડી મારી પાસે મારાં ભજનો એક પછી એક ગવડાવ્યાં. બધાં ભજનો પુરાં થયાં ત્યારે તેમણે કહ્યું, 'દેશના રાજાને જો આપણી ભાષાનું જ્ઞાન હોત અને તેના સાહિત્યની કદર બુઝી શકે તેમ હોત તો જરૂર તે કવિને ઉત્તેજન આપત; પણ દુર્ભાગ્યે તેમ નથી. માટે હું ધારું છું કે મારે જ કવિની કદર કરવી જોઇએ.' એમ કહી તેમણે પાંચસો રૂપીઆનો ચેક મારા હાથમાં મુકયો.

નવી વહુ

જ્યારે નવી વહુ—મારી ભાભી પોતાનો સોનાનો હાર પહેરીને ઘરમાં આવી ત્યારે તો અંતઃપુરની ગહનતા વધારે ગાઢ થઈ ગઈ. એક તો તે બહારથી આવેલી, અને વળી અજાણી છતાં આપણામાંની એક થઇ તેથી હું ઘણો જ આકર્ષાયો અને તેની સાથે ઓળખાણ કરવાને ઘણો તલપાપડ થઈ ગયો. પરંતુ મહાન યુક્તિપ્રયુક્તિ કરીને જ્યાં હું તેની સમીપ જવાને ફતેહમંદ થતો એટલામાં તો મારી નાની બહેન અમને કાઢી મુકતી અને કહેતી કે 'તમે છોકરાઓ તે વળી અહીં અંતઃપુરમાં શા માટે આવતા હશો? જાઓ બહાર!'

વાંચન

હું જ્યારે નાનો હતો ત્યારે બંગાળી સાહિત્ય બહુ જુજ જેવું હતું, અને હું ધારું છું કે તે વખતે વાંચવા જેવી અને નહિ વાંચવા જેવી બધી ચોપડીઓ મેં વાંચી નાખી હશે. તે વખતે એવું બાલસાહિત્ય નહોતું કે જે બાળકોને માટે જ ખાસ ઉપયોગી હોય. છતાં હું ખાતરીથી કહું છું કે એવા વાંચનથી મને કંઇ પણ નુકસાન થયું નહોતું.


જ્યારે દીનબંધુ મિત્રનાં હાસ્યરસનાં કાવ્યો બહાર પડ્યાં ત્યારે હું તે સમજી શકવા જેવડી ઉમરનો નહોતો; પણ મને એ પુસ્તક વાંચવાનું બહુ મન હતું. મારી એક સગી તે પુસ્તક વાંચતી હતી, પણ ઘણું ઘણું કહ્યા છતાં તે પુસ્તક મને મળ્યું નહિ. તે પુસ્તક એ હમેશાં તાળાકુંચીમાં રાખતી. એ પુસ્તકની દુર્લભતાથી તો હું વધારે ને વધારે આતુર બન્યો, અને એવો નિશ્ચય કર્યો કે ગમે તેમ કરીને એ ચોપડી તો વાંચવી જ.

એક દિવસ તે સોગઠાંબાજી રમતી હતી, અને કુંચી તેણે સાડીને જે છેડે લટકાવેલી હતી તે છેડો પાછળ નાખી દીધેલો હતો. મને બાજી રમવાનો શોખ નહોતો, અને રમતમાં ધ્યાન પણ રહેતું નહિ: પણ તે દિવસે તો મેં એવું ધ્યાન આપ્યું કે મારો હેતુ શો હતો તે તેને માલુમ પડે જ નહિ. છેવટે તેને રમતમાં મશગુલ થયેલી જોઇને મેં લાગ સાધી કુંચીઓ છોડવા માંડી. હું કંઈ બહુ હાથચાલાકી વાળો નહોતો, અને તેમાં વળી ઉશ્કેરાએલો અને ઉતાવળો થઇ ગએલો, એટલે ચોરી પકડાઈ ગઈ! તે સાડી પહેરનારીએ હસતાં હસતાં કુંચી પોતાના ખોળામાં મુકી અને રમત આગળ ચલાવી.

પણ પછી તો મેં એક યુક્તિ શોધી કાઢી. તેને પાન ખાવાની ટેવ હતી. મેં પાનની બીડીઓ કરીને તેની પાસે મુકી. તેણે પાન ખાધું, અને થોડી વાર પછી ચાવેલું પાન થુકવા જવાની જરૂર પડી એટલે કુંચીઓ ખોળામાંથી સરી પડી, તે પાછી બરડા પર ફેંકાઇ. આ વખતે કુંચીઓ ચોરાઈ ગઇ, ચોર છટકી ગયો અને ચોપડી પણ વંચાઇ ગઇ! જ્યારે તેને ખબર પડી ત્યારે બીજી વાર મળ્યા. પછી મને ઠપકો દેવાનો તેણે પ્રયત્ન કર્યો, પણ તેમાં તે નિષ્ફળ ગઇ, કારણકે અમે બન્ને એવાં હસ્યાં કે કાંઈ ક્રોધાની વાત નહિ.

તે વખતે ડૉ. રાજેન્દ્રલાલ મિત્ર 'વિવિધાર્થ સંગ્રહ' નામનું સચિત્ર માસિક કાઢતા. મારા ત્રીજા ભાઇ પાસે કબાટમાં તે માસિકના આખા વર્ષના અંકો બાંધેલા હતા. આ બાંધેલાં પુસ્તકો મેં મેળવીને વાંચ્યાં. તે બધાં ફરી ફરીને વાંચવાનો આનંદ હજી પણ મારા મનમાં ઉભરાઈ આવે છે. ઘણાયે રજાના દિવસો પથારી પર પડ્યા પડ્યા છાતી પર એ પુસ્તક લઇને નૉર્વેની વ્હેલની અને કાજીની ન્યાય આપવાની ખુબીની વાતો તથા કૃષ્ણાકુમારીની કથા વાંચવામાં મેં ગાળેલા તે હજી યાદ આવે છે.

મારી બાલ્યાવસ્થામાં બીજું પણ એક માસિક હતું તેનું નામ 'અબોધ બંધુ' હતું. મારા મોટા ભાઇના ઓરડામાં આ માસિકનો એક સંગ્રહ હતો. તે બધાં લઇને ઉમરા પર બેસીને હું વાંચી ગયો. પશ્ચિમે આવેલી અગાસી તરફ મોં રાખીને એ માસિકમાં જ વિહારીલાલ ચક્રવર્તીની કવિતા મેં પહેલ વહેલી વાંચી. તે વખતે મેં જે કવિતાઓ વાંચેલી તે સર્વમાં એની કવિતાની મારા મન પર ઘણી અસર થઇ. વળી, વિદ્યાપતિની કવિતાઓની મિથિલ ભાષા મને બહુ આકર્ષક લાગતી, કારણકે તે સમજવી મુશ્કેલ હતી. ટીપ સિવાય તે કવિતાના અર્થ બેસાડવાને હું પ્રયત્ન કરતો અને ન આવડે તે શબ્દો સંબંધ સાથે હું મારી નોટમાં નોંધી લેતો, તેમજ મારા ગજા પ્રમાણે વ્યાકરણની ખુબી પણ હું નોંધી લેતો.



મહત્ત્વાકાંક્ષા

આથમતો રવિ પુછે,
'મારૂં કાર્ય હવે કરશે તે કોણ ?'
સુણી જગત સૌ રહ્યું સ્તબ્ધ ત્યાં
ચિત્ર સમાન બનીને મૌન;
મૃત્તિકા-દીપ હતો ટમટમતો,
કહે વિનયથી જોડી હાથ:
'સુખે સિધાવો, કાર્ય બજાવીશ
યથાશક્તિ એ હું દિનનાથ!'

ઘરના સંજોગો

મારી બાલ્યાવસ્થામાં એક મોટો લાભ મને એ હતો કે મારી આસપાસ ઘરમાં બધે સાહિત્ય અને કળામય વાતાવરણ પ્રસરેલું હતું. મારા મોટાભાઇ (કાકાના દીકરા) ગણેન્દ્રને સાહિત્યને માટે ઘણો જ ઉત્સાહ હતો. એમણે તારકનાથ પંડિત પાસે એક નાટક લખાવીને એ અમારા ઘરમાં ભજવવાનો પ્રયત્ન કર્યો હતો.

એ વખતે મને એક મિત્ર મળ્યા કે જેની મદદ મારી સાહિત્યની પ્રગતિમાં મને ઘણી જ અમૂલ્ય થઈ પડી. તે બીજા કોઇ નહિ, પણ મારા ચોથા ભાઇના જોડીઆ–મિત્ર બાબુ અક્ષયચંદ્ર ચૌધરી હતા. તે અંગ્રેજી સાહિત્ય લઇને એમ. એ. માં પસાર થયા હતા. મારા ચોથા ભાઇનાં પત્ની પણ સાહિત્યનાં અત્યંત પ્રેમી હતાં. તે કેવળ વખત ગાળવા ખાતર વાંચતાં નહિ, પણ જે વાંચતાં તેથી તેમનું મન પૂર્ણ રસભર રહેતું. તેમનાં સાહિત્યનાં સાહસોમાં હું હમેશાં તેમનો ભાગીદાર થતો.

ભારતી

મારા મોટાભાઇના તંત્રીપણા નીચે આ વખતે 'ભારતી' નામનું માસિક કાઢવાનો વિચાર જ્યોતિદાદાએ કર્યો. હું તે વખતે સોળ વર્ષનો જ હતો, પણ તંત્રીમંડળમાં સામેલ થઇ ગયો. થોડા જ વખત પહેલાં મારી જુવાનીના તોર અને મિથ્યાભિમાનમાં તણાઇને 'મેઘનાદ વધ' કાવ્ય ઉપર મેં એક ટીકા લખી હતી. કાચી કેરીમાં જેમ ખટાશ વધારે હોય છે તેમ ઉગતા ટીકાકારમાં ગાળો દેવાની ટેવ પણ વધારે જણાય છે. એ અમર કાવ્ય ઉપર મારા નખના ઉઝરડા પાડીને મેં પણ અમર થવાનો પ્રયત્ન કર્યો હતો. એ મૂર્ખાઇભરેલી ટીકા એ 'ભારતી'માં મારો પહેલો લેખ હતો !



રવીન્દ્રનાથ: સોળ વર્ષના

વળી તેના પહેલા વર્ષના અંકોમાં 'કવિ કાહિની' કરીને એક કાવ્ય મેં લખ્યું હતું. પુસ્તકના રૂપમાં 'કવિ કાહિની' એ મારું પહેલું પુસ્તક હતું. મારા બીજા ભાઈની જોડે જ્યારે હું અમદાવાદ ગયો હતો ત્યારે મારા એક ઉત્સાહી મિત્રે મારું એ પુસ્તક પ્રસિદ્ધ કરી મને એક નકલ મોકલી આશ્ચર્ય પમાડયો હતો ! જે ઉમરે મેં 'ભારતી'માં લેખો લખવા માંડયા તે ઉમર પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે ભાગ્યે જ યોગ્ય ગણી શકાય. બહુ નાની ઉમરે બહાર પડવાની ટેવ એ મોટી ઉમરે પસ્તાવાનો સહેલો માર્ગ છે ! પોતાનાં લખાણોને છપાયેલા પુસ્તકના રૂપમાં જોવાની તીવ્ર ઇચ્છા પહેલી ઉમરમાં જ સંતોષાઇ થાકી જાય છે.

ભાનુસિંહની કવિતા

મિથિલ ભાષામાં લખાયેલી જુની વૈષ્ણવ કવિતાઓ મને બહુ ગમતી હોવાથી એ ઢબનાં થોડાં કાવ્યો લખવાનો મેં પ્રયત્ન કર્યો. અક્ષયબાબુ પાસેથી મેં સાંભળ્યું હતું કે અંગ્રેજ બાલકવિ ચેટરટન જુના કવિઓનું અનુકરણ કરી કાવ્યો લખતો અને લોકો એ કાવ્યોને ખરેખરાં જુનાં માનીને છેતરાયા પણ હતા. મને પણ મારાં પોતાનાં અનુકરણ કરેલાં કાવ્યો આવી કોઈ રીતે બહાર પાડવાનો વિચાર આવ્યો.

મારા એક મિત્રને મેં એકવાર કહ્યું કે 'ભાનુસિંહ નામના એક જુના વૈષ્ણવ કવિનાં કેટલાંક કાવ્યો આદિ બ્રહ્મસમાજના પુસ્તકાલયમાંથી શોધ કરતાં મળી આવ્યાં છે, અને તેમાંનાં કેટલાંક મેં ઉતારી લીધાં છે.' એમ કહી મેં મારી અનુકરણમાં બનાવેલી થોડી કવિતાઓ વાંચી સંભળાવી. એ સાંભળીને એમના મન પર બહુ ઉંડી અસર થઇ અને જુસ્સામાં આવીને કહ્યું, 'મને તે મુળ પુસ્તક આપો; હું અક્ષય બાબુને કહીને તે છપાવું.' પણ પછી મેં મારી નોંધપોથી

બતાવીને એમની ખાતરી કરી દીધી કે એ કાવ્યોનો કર્તા તો હું જ હતો! 'ભાનુસિંહ' માં ભાનુ એટલે રવિ.

પણ વધુ અજાયબીભરી તો એક બીજી વાત છે. ભાનુસિંહનાં એ કાવ્યો જ્યારે 'ભારતી' માં બહાર પડતાં હતાં ત્યારે ડૉ. નિશીકાંત ચટરજી જર્મનીમાં હતા. તેમણે બંગાળી ગીતકાવ્યોની અંગ્રેજી ટુંકાં કાવ્યો સાથે સરખામણી કરીને એક પુસ્તક વિદ્વાનો આગળ રજુ કર્યું હતું. તે પુસ્તકમાં ભાનુસિંહની કવિતાને એવું સ્થાન દાખલા દલીલો સાથે આપવામાં આવ્યું હતું કે હાલના કોઈ કવિથી તેને પહોંચી શકાય નહિ! એ પુસ્તકમાં રજુ કરેલી નવી વિચારપદ્ધતિ માટે તેમને ડૉકટરની પદવી મળી!

અમદાવાદ

જ્યારે 'ભારતી' નું બીજું વર્ષ શરૂ થયું ત્યારે મારા બીજા ભાઇએ મને ઇંગ્લંડ લઇ જવાનું નક્કી કર્યું, અને મારા પિતાએ જ્યારે એ વાતને પોતાની સંમતિ આપી ત્યારે તો મને ઘણો જ આનંદ થયો.

પહેલાં તો હું મારા ભાઇ જોડે અમદાવાદ ગયો, કારણકે ત્યાં મારા ભાઇ જડજ નીમાયા હતા. મારાં ભાભી છોકરાં સાથે વિલાયત ગયા હતાં એટલે અમારૂં ઘર તદ્દન સુનું જ હતું.

અમદાવાદમાં જડજોને રહેવાનો બંગલો શાહીબાગમાં છે. તે અસલ બાદશાહોને રહેવાનું સ્થળ હતું. તે બંગલાની વિશાળ અગાસીની ભીંતની તળેટીમાં સાબરમતી નદીનું નાનકડું ઝરણુ રેતીના કિનારાની એક જ બાજુએ વહેતું હતું. મારા ભાઈ તો રોજ કચેરીમાં જતા, એટલે ઘરમાં હું એકલો રહેતો. ત્યાં બપોરની શાંતિ કબુતરનાં કૂજનથી ભંગ થતી હતી. તે વિશાળ ઘરના ખાલી ઓરડાઓમાં કોઈ વિલક્ષણ પ્રકારનું કુતૂહલ મારા મનમાં રમ્યા કરતું. એક મોટા ઓરડામાં એક ગોખલો હતો, તેમાં મારા મોટાભાઈ એમનાં પુસ્તકો મુકતા. તેમાં અંગ્રેજ કવિ ટેનિસનનાં કાવ્યોની મોટા અક્ષરે છાપેલી સચિત્ર આવૃત્તિ હતી. વિશાળ શાહીબાગના જેવું તે પુસ્તક પણ મુંગું હતું, અને હું પણ વગરવાંચ્યે તેનાં ચિત્રો જોયા કરવામાં વખત ગાળતો. અલબત્ત, મને તેમાં કંઇ સમજણ પડતી નહોતી એમ નહોતું, પણ તે વાંચન કબુતરનું કૂજન હોય એવું જણાતું.

તે બંગલાના મેડા ઉપર મારી એકાંત ઓરડી હતી, અને ત્યાં મારી સોબતીઓ માત્ર મધમાખો જ હતી. રાતના સતત અંધકારમાં પણ હું ત્યાં જ સુઈ રહેતો. કોઇકોઇવાર તેમનાં એકાદ બે બચ્ચાં મારા બિછાનામાં આવી પડતાં. જ્યારે હું પડખું ફરતો ત્યારે મને એનો જે ચટકો લાગતો તે કંઇ મધુર નહોતો! વળી, વિશાળ ચાંદનીમાં અગાશીમાં ફેરા મારવા એ પણ મારા મનનો એક વિચિત્ર ધાંકો હતો. એ પ્રમાણે ફેરા ફરતાં ફરતાં સાબરમતી તરફ જોઇને મારાં કાવ્યો માટેના રાગ મેં પસંદ કર્યા હતા. 'વલિ ઓ ગોલાયવાલા' નું કાવ્ય મેં ત્યાં જ બનાવ્યું હતું, અને તે મારાં છપાયેલાં પુસ્તકોમાં હજી પણ છે.

વાલ્મીકિ-પ્રતિભા

હું ઇંગ્લંડ ગયો તે પહેલાં અમારા ઘરમાં સાહિત્યના લેખકોની અને વિદ્વાન લોકોની સભા થતી હતી. તેમાં ગાવાનું અને ખાવાનું બન્ને આપવામાં આવતાં! હું જ્યારે પાછો ફર્યો ત્યારે એ સભાની છેલ્લી બેઠક થઇ હતી. એ સમયે ભજવવાને માટે મેં વાલ્મીકિ-પ્રતિભા નામનું નાટક લખ્યું હતું. મેં વાલ્મીકિનો પાઠ લીધો હતો અને મારી ભત્રીજી 'પ્રતિભા'એ સરસ્વતીનો પાઠ લીધો હતો. નાટકના નામમાં પણ તે નામો જળવાયાં છે.

અમારા ઘરમાં ભજવાતાં સંગીતનાટકોમાં હું મુખ્ય ભાગ ભજવતો. મને નાનપણથી જ પાઠ લેવાનો બહુ શૉખ હતો, અને એ કામ માટે મારામાં સ્વાભાવિક નિપુણતા છે એવી મારી દૃઢ માન્યતા હતી. અને મારો એ વિશ્વાસ છેક પાયા વગરનો ન હતો એમ પણ મેં એ વખતે બતાવી આપ્યું હતું. જ્યોતીન્દ્ર ભાઇના બનાવેલા એક હાસ્યરસ નાટકમાં અલકબાબુનો પાઠ મેં ભજવ્યો હતો. પણ એ બધા મારા પ્રથમ પ્રયત્નો જ ગણાય. તે સમયે હું જુવાન હતો, અને મારો કંઠ પણ થાકતો નહિ.

કારવાર

મુંબઈ ઇલાકાના કાનડા જીલ્લાનું મુખ્ય શહેર કારવાર છે. ત્યાં આગળ એલચી અને ચંદનનાં ઝાડ ઉગે છે. મારા બીજા ભાઈ ત્યાં જડજ નીમાવાથી હું ત્યાં ગયો.

ત્યાંનો એક પ્રસંગ બહુ સાંભરે છે. એક દિવસ સાંજે પુનમને દિવસે અમે સૌ નાની હોડીમાં બેસીને પ્રવાહની સામે ગયા હતા. પછી એક જુની ટેકરી પર આવેલા શીવાજીના કિલ્લા આગળ અમે ઉતર્યાં અને એક સાફ આંગણાવાળા ખેડુતના ઘરની બહાર ચંદ્રનાં કિરણો પડી રહ્યાં હતાં ત્યાં અમે અમારી સાથે આણેલી ખાવાની વસ્તુઓ કાઢી ઉજાણી કરી. પાછા વળતાં અમે હોડીને નદીના પુરમાં તણાવા જ દીધી. તે નિઃસ્તબ્ધ વન, પહાડ અને નિર્જન નદીના શાંત વ્હેણ પર જ્યોત્સ્ના ધ્યાન ધરતી હતી. નદીના મુખ સુધી પહોંચતાં અમને ઘણો વખત લાગવાથી સમુદ્રમાં થઇને આવવાને બદલે અમે નદીના રેતાળ કીનારા પર ઉતરી પડ્યા અને પગે ચાલતા ઘેર ગયા.

કારવારથી પાછા ફર્યા પછી મારૂં લગ્ન થયું. તે વખતે મારી ઉમર બાવીસ વર્ષની હતી.

સ્વપ્નમાંથી લેખો

મારા બીજા ભાઈનાં પત્નીને બાળકોને માટે એક સચિત્ર માસિક કાઢવાની ભારે ઉત્કંઠા હતી. તેમની એવી પણ ઉત્કંઠા હતી કે કુટુંબનાં છોકરાં તેમાં લેખો લખશે. છતાં માત્ર તેમના લેખોથી જ પહોંચી શકાશે નહિ એમ તેમને લાગવાથી તેમણે પોતે જ તેનું તંત્રીપદ સ્વીકારી મને તેમાં લેખો આપી મદદ કરવા કહ્યું. 'બાળક' ના એકબે અંકો બહાર પડ્યા હશે એટલામાં જ રાજનારાયણ બાબુને હું દેવઘરમાં મળવા ગયેલો. તેમને ત્યાંથી પાછા ફરતી વખતે ગાડીમાં ભીડ ઘણી હતી અને માથા ઉપર ઉઘાડો દીવો બળી રહ્યો હતો, એટલે મને ઉંઘ બીલકુલ આવી નહિ. 'બાળક'ને માટે એકાદ વાર્તા ઘડી કાઢવા મેં ઘણા પ્રયત્નો કર્યા, પણ કંઈ પત્તો લાગ્યો નહિ. છેવટે નિદ્રાએ આવીને મને ઘેર્યો અને તે ઉંઘમાં મને એક સ્વપ્ન આવ્યું. તેમાં એવું દેખાયું કે એક નાની છોકરી તેના પિતા જોડે મંદિરે દર્શન કરવા જતી હતી. ત્યાં મંદિરનાં પગથીઆં ઉપર યજ્ઞમાં ચડાવેલા પશુના લોહીની નીશાનીઓ પડેલી હતી. તે બાળકીએ પોતાના પિતાને અતિ કરુણ સ્વરે પુછ્યું, 'બાપા,' આ શું? આ બધું લોહી શાનું?' તેનો પિતા અંતરમાં કરુણા હોવા છતાં બહારથી કઠણાશનો ડોળ કરી તેને શાંત કરવા પ્રયત્ન કરતો હતો. જ્યારે હું જાગ્યો ત્યારે મને લાગ્યું કે મેં શોધવા ધારેલી વાર્તા મને મળી ગઈ છે. આવી રીતે સ્વપ્નમાં મળેલી બીજી પણ કેટલીક વાતો અને બીજા લેખો પણ છે. આ સ્વપ્નને આધારે ત્રિપુરાના રાજા ગોવિંદ માણિક્યનો ઇતિહાસ વાર્તા રૂપે 'રાજર્ષિ' નામના લેખ દ્વારા 'બાળક' માં દર મહીને પ્રકટ કરવામાં આવ્યો.

માતાનું મૃત્યુ

જ્યારે મારી માતા ગુજરી ગઇ ત્યારે હું છેક બાળક હતો. જે રાતે મારી માતા દેવલોક પામી તે વખતે અમે બધાં તો અમારા ઓરડામાં ઘસઘસાટ ઉંઘતાં હતાં. કોણ જાણે રાતના કેટલાયે વાગ્યે અમારી દાસી દોડતી અને રડતી કકળતી અમારા ઓરડામાં આવી 'ઓ મારાં છોકરાંઓ! તમારૂં સર્વસ્વ લુંટાઇ ગયું' એમ બોલી. મારી ભાભીએ તેને ધમકાવી કાઢી અને મધરાતે એ દુઃખદાયક સમાચાર નહિ જણાવવા કહ્યું. તેના રૂદનથી હું અરધો જાગૃત થયો હતો અને મારૂં હૃદય ઉંડુ ઉતરી ગયું હતું: પણ શું બન્યું તે હું બરોબર જાણી શક્યો નહોતો.

સવારે જ્યારે અમારા ઘરના દરવાજામાં થઇને માનું શબ બહાર લઇ જવામાં આવ્યું અને અમે તેની પાછળ સ્મશાનમાં ગયા ત્યારે મારા હૃદયમાં શોકાગ્નિ પ્રજ્વલિત થયો અને મને લાગી આવ્યું કે ફરીને આ દરવાજામાંથી આવીને મા કુટુંબમાં પોતાનું સ્થાન લેશે નહિ. આખા ઘરમાં જે સૌથી નાની વહુ હતી તેણે બધાં નાનાં—મા વગરનાં બાળકોની સંભાળ પોતાને માથે લીધી. તે અમારૂં ખાવાપીવાનું સંભાળતી, પહેરવાઓઢવાની દરકાર રાખતી અને આખો દિવસ અમને પાસે ને પાસે રાખતી કે જેથી અમે સોરાઇએ નહિ.

('રવીન્દ્રનાથ ઠાકુરનાં સંસ્મરણો' માંથી—ફેરફાર સાથે.)

માધાવાવ

(ઢાળ: 'સામા ઓરડીઆમાં નાગજી પોઢ્યા' એ ગીતનો)

બારબાર વરસે માધાવાવ ગળાવી,
તોયે ન નીસર્યા નીર, મારા વ્હાલા.

તેડાવો જોશીને, જોશ જોવડાવો,
જોશીડા જોવડાવો, મારા વ્હાલા.

જાણતલ જોશીએ એમ જ કીધું,
દીકરો ને વહુ પધરાવો, મારા વ્હાલા.

ઘોડો ખેલવતા હો વજમલ દીકરા,
દાદાજી બોલાવે, મારા વ્હાલા.

શું રે કહો છો મારા સમરથ દાદા?
શું રે પડ્યાં છે કામ? મારા વ્હાલા.

જાણતલ જોશીએ એમ જ કીધું,
દીકરો ને વહુ પધરાવો, મારા વ્હાલા.

અમને શું પુછો મારા સમરથ દાદા?
પારકીજણીને પુછી આવો, મારા વ્હાલા.

બેટડો ધવડાવતાં હો વહુજી જાડેજી,
સાસુજી બોલાવે, મારા વ્હાલા.

શું રે કહો છો મારાં સમરથ સાસુ?
શું રે પડ્યાં છે કામ? મારા વ્હાલા.

જાણતલ જોશીએ એમ જ કીધું,
માધાવાવ માગે છે જોડ, મારા વ્હાલા.

ભાઈ વાળંદીઆ, વીરા વાળંદીઆ,
સંદેશો લઇ જાજે, મારા વ્હાલા.

મારી માતાને એટલું રે કહેજે,
ચુંદડી ને મોડીઓ લઇ આવે, મારા વ્હાલા.

વાજતેગાજતે માધાવાવ આવ્યાં,
લે રે માધાવાવ જોડ, મારા વ્હાલા.

પહેલું પગથીઉં જેમ જેમ ઉતર્યા,
પાતાળ ઝળક્યાં નીર, મારા વ્હાલા.

બીજું પગથીઉં જેમ જેમ ઉતર્યા,
નજરે દેખાણાં નીર, મારા વ્હાલા.

ત્રીજું પગથીઉં જેમ જેમ ઉતર્યા,
કાંડાં સમાણાં નીર, મારા વ્હાલા.

ચોથું પગથીઉં જેમ જેમ ઉતર્યા,
ગોઠણ સમાણાં નીર, મારા વ્હાલા.

પાંચમું પગથીઉં જેમ જેમ ઉતર્યા,
કેડ સમાણાં નીર, મારા વ્હાલા.

છઠ્ઠું પગથીઉં જેમ જેમ ઉતર્યા,
છાતી સમાણાં નીર, મારા વ્હાલા.

સાતમે પગથીએ જઇ પગ દીધો,
પરવશ પડીઆ પ્રાણ, મારા વ્હાલા.

માધાવાવ વઢવાણની વાવનું નામ છે. આપણે માત્ર માણસને જ નહિ, પણ પાળેલાં પશુપંખી, નદીઓ, વાવકુવાઓ વગેરેને પણ વિશેષ નામથી ઓળખીએ છીએ. નામ પાડવું તે સ્નેહની નીશાની છે.

વઢવાણ કાઠીઆવાડના સુકા પ્રદેશમાં આવેલું છે. ત્યાંના ભોગાવામાં પણ લાંબા વખત સુધી પાણી રહેતું નથી. તેથી ગામમાં વાવકુવાની ખુબ જરૂર રહે. એ સમયમાં લોકોને સુખસગવડનાં સાધનો અધુરાં હતાં. જેમ જેમ જરૂર પડે તેમ તેમ તેઓ નવાં સાધનો બનાવતા જતા.

એક વરસ પાણીની ઘણી તાણ પડી. નદી-નવાણો સુકાવા માંડ્યાં. લોકોને ખાવા અન્ન મળે, પીવાને પાણી ન જડે ગામબધામાં પાણીની બુમ પડી. આથી ગામપંચે મોટી વાવ ખોદાવવી શરૂ કરી. ગામના સૌ જુવાનોએ ભેગા થઈ પાણીનું દુઃખ ટાળવા કમ્મર કસી. વાવ ખુબ ઉંડી ખોદાઈ, પણ જળ નામ ન મળે. એક, બે, ત્રણ, ચાર એમ કરતાં દસ વરસ વીત્યાં, પણ પાણી ન આવ્યું તે ન જ આવ્યું. ઘણાંકને નવાઈ લાગી, કેટલાંકને શંકા ગઈ. પાતાળ જેટલી ઉંડી વાવ ખોદવા છતાં પાણીનો છાંટો ન નીકળ્યો તેનું કારણ કોઈના કળવામાં ન આવ્યું.

દસદસ વરસની મહેનત ફોગટ ગઇ: છતાં નિરાશ થાય એવાં નબળાં એ લોક ન હતાં. સૌના સુખ-દુઃખમાં દરેક જણ પ્રાણ પાથરે તેવું હતું. એ વરસ વધુ તેઓએ શ્રમ જારી રાખ્યો. પણ અફસોસ, પાણીનું ટીપું ન દેખાયું. દૈવનો કોપ થયો સમજી સૌ જ્યોતિષના જાણકાર જોશી પાસે કારણ પુછવા ગયાં. જોશ જોઇને તેણે કહ્યું કે ધરતીમાતા એક જોડનો ભોગ માગે છે. વાયુને વેગે આ વાત ગામમાં ફેલાઈ ગઈ.

તે વેળા વઢવાણમાં એક રજપુત કુટુંબ રહેતું. કુટુંબ મોટું હતું: દાદા, દાદી, માબાપ, દીકરોવહુ અને તેનો નાનો બાળ. આ વાત સાંભળતાંવેંત વૃદ્ધ દાદાનાં રૂંવેરૂંવાં ઉભાં થયાં. 'ગામલોકના સુખ સારૂ શું કરૂં ?' એવો વિચાર એના મનમાં ઘોળાવા લાગ્યો. છેવટ માર્ગ મળ્યો. ઘોડો ખેલવવા ગયેલા પૌત્ર વજમલને બોલાવવા માણસ મોકલ્યું. વજમલ આવ્યો.

વજમલ— દાદાજી, પગે લાગું છું.

દાદા—જીવતો રહે, દીકરા! તને ખબર છે ને, કે બારબાર વરસથી વાવમાં પાણી આવતું નથી.

વજમલ હા, દાદાજી. વાવ ગાળવામાં હું પણ હતોને.

દાદા—જોશીમહારાજે વચન આપ્યું છે કે દીકરો વહુ જીવ દે તો જળ આવે. દીકરા, આપણો રજપુતનો ધર્મ .....

વજમલ—દાદાજી, આપની આજ્ઞા. હું તૈયાર છું.

ઘરમાં સાસુ પણ વહુને એ જ વાત કરી રહ્યાં હતાં.

સાસુ—જાડેજી વહુ, જોશી કહે છે કે વાવને તો વહુદીકરાનો ભોગ જોઇશે. બેટા, તમે ઉચ્ચ કુળનાં છો. મારી જીભ કહેતાં ઉપડતી નથી: પણ...ગામના ભલા માટે... ...

વહુ—સાસુજી, અચકાઓ છો શાને? અમે ભોગ દઇશું આપની આશિષ.

ગામની બજારમાં સૌ લોક શાંત અને ગંભીર છે. ઢોલ, ત્રાંસાં અને શરણાઇના સૂર આકાશ ભરી દે છે. ઘણો જ પવિત્ર પ્રસંગ હોય તેમ માણસો હારબંધ સરઘસ આવવાની આતુર નજરે વાટ જુએ છે. જુવાન વીર વજમલ અને જોડે જાડેજી વહુ. પીએરના ઘરનાં ચુંદડી-મોડીઓ પહેરેલી વહુ ખરે જ દેવી જેવી દીસતી હતી. વરના ઉપરણાની તથા વહુની ચુંદડીની છેડાછેડી બાંધેલી. આ દેખાવ પથ્થરનાં હૃદયને પણ પીગળાવે તેવો હતો. અરધા કરુણ અને અરધા વીર રસથી ભભકતે ચ્હેરે બન્ને જણ ધીમે પગલે ચાલતાં હતાં. પાછળ વૃદ્ધ દાદા, દાદી, માતાપિતા અને બીજી અનેક સ્ત્રીઓ. સ્ત્રીઓ મંગળ ગીત ગાતી હતી. સૌ માણસો ધંધોરોજગાર બંધ કરીને આ આપભોગી વરઘોડીઆ ઉપર આશિષો વરસાવવા ટોળે મળ્યાં હતાં. જોનારાં ફૂલથી તેમને વધાવતાં જતાં.



ફોટો] માધાવાવ [ગવળ

સૌ માધાવાવે આવી પહોંચ્યાં. બધાનાં હૃદય ધબકી રહ્યાં હતાં—શૌર્યથી, કરુણાથી, દેશહિતની લાગણીથી, સાભિમાન સંતોષથી, આપભોગની ભાવનાથી. ભોગ ચડવા સારુ વરવહુ વાવનું પહેલું પગથીઉં ઉતરે છે, એવે તળીએ પાણી ઝબકવા માંડ્યું. હર્ષ અને શોકને લીધે સઘળાં મુંગાં હતાં; બધે ગંભીર શાંતિ હતી; બારબાર વરસની મહેનત આજ ફળદાયી થતી હતી. પણ કેવડા ભોગે? બીજું પગથીઉં ઉતર્યાં. જળ ચોકખું દેખાયું. ત્રીજે પગથીએ તો કાંડાં ડુબ્યાં. ચોથે ગોઠણ. પાંચમે પગથીએ જાણે પાણી તેમને તેડી લેતું હોય તેમ કેડ સુધી પહોંચ્યું. છટ્ઠે છાતી લગી, અને સાતમે...' પરવશ પડીઆ પ્રાણ, મારા વ્હાલા.'

પછી તો સાંજ નમતી હતી; વાવને કાંઠે જળ ઉભરાતું હતું; આશ્ચર્ય, હર્ષ અને શોકમાં માણસો વીખરાતાં હતાં.

દરેક માણસ જ્યારે ગોવર્ધન ઉચકવામાં મદદ કરે ત્યારે જ પ્રભુ શ્રીકૃષ્ણ પોતાની આંગળી ઉઠાવે. શક્તિ પરમાત્માની, પણ પ્રયત્ન તમારો.

—કાકા કાલેલકર

જંતુઓ વિષે કંઈક

તમે જંતુઓ વિષે કંઇ જાણો છો?


ના.

બરાબર છે. ખરૂં પુછો તો આપણે જંતુઓ વિષે કંઇ જાણતા જ નથી.

જંતુઓ આપણા શરીરની આસપાસ રહે છે, આપણા ઘરમાં રહે છે, આપણાં પશુપક્ષીઓ ઉપર રહે છે, આપણે ઉછેરેલાં ફળફૂલનાં ઝાડ ઉપર રહે છે. અને છતાં આપણે જંતુઓને ઓળખવાની અને તેઓ ક્યાં રહે છે, શું ખાય છે વગેરે જાણવાની તકલીફ લેતા નથી. માણસની બુદ્ધિ પ્રમાણે અત્યાર સુધીમાં બે લાખ જંતુઓનો અભ્યાસ થયો છે; અને એવું મનાય છે કે હજી બીજાં તેટલાં જ જંતુઓનો અભ્યાસ કરવો બાકી છે!

અત્યારે જે જંતુઓનો અભ્યાસ થયો છે, તેમાંથી વધારે જાણવા જેવા જંતુઓના નીચે પ્રમાણે વર્ગ પાડી શકાય.

(૧) પતંગીઆની જાતના; (૨) કીડી, ભમરી, મધમાખી અને મંકોડાની જાતના; (૩) ટીડડાની જાતના; (૪) ઉધઇની જાતના; (૫) ભમરા અને ધનેડાંની જાતના; (૬) માકડ અને જુની જાતના; (૭) માખીની જાતના.



જંતુઓમાં કેટલાક ઉપયોગી હોય છે, અને કેટલાક નુકસાન કરનારા હોય છે.

વળી જંતુઓ ઉપયોગી ખરા? હા; જુઓ. જંતુઓ ન હોય તો એક ફૂલમાંથી બીજા ફૂલમાં પરાગ લઇ જવાનું કામ કોણ કરે? અને પછી ફળ શી રીતે થાય? વળી જંતુઓ ન હોય તો દરેક જાતની સડેલી વસ્તુઓ, ગંદકી અને નાનાંમોટાં પશુપક્ષીઓનાં જ્યાંત્યાં પડેલાં મુડદાંઓને સાફ કોણ કરી નાખે?

વળી કેટલાક જંતુઓ બીજા જંતુઓને ખાઇને જ જીવે છે. શી કુદરતની વ્યવસ્થા! જો નુકસાન કરનાર જંતુઓને ખાઇ જનારા બીજા જંતુઓ ન હોય તો નુકસાન કરનારા જંતુઓ કેટલા બધા વધી પડે? ઘણા જંતુઓ તો ઘણી જાતનાં પક્ષીઓ, દેડકાં, સર્પ, ગરોળી, કાચબા, ઉંદર, કાન કરડીઆં, બીલાડી અને કુતરાં આદિ અનેક પ્રાણીઓના ખાવાના ઉપયોગમાં પણ આવે છે.

વળી કેટલાએક જંતુઓ માણસને પણ ઘણા ઉપયોગી છે. તે વળી કેવી રીતે? જંતુઓ માણસને પણ ઉપયોગી? હા: જુઓ. આપણે રેશમી લુગડાં પહેરીએ છીએ તે કોણ બનાવે છે? આપણે મીઠું મીઠું મધ ખાઇએ છીએ તે મધ કોણ બનાવે છે? વળી આપણને ઉપયોગી મીણ તથા લાખ કોણ બનાવે

છે? તમને ખબર છે કે તે બધું આપણે જંતુઓ પાસેથી જ લઇએ છીએ?

ઠીક. પણ આ બધી વાતમાં જંતુઓ આપણને નુકસાન કેવી રીતે કરે છે એ વાત તો રહી ગઇ. હવે હું તમને તે વિષે કહું. પહેલું તો એ કે દરેક ઝાડ અને છોડને થડમુળથી માંડીને ફળ સુધી જુદી જુદી જાતના જંતુઓ ખાઈ જાય છે. બીજું, આપણા ઘરમાં બરાબર સાવચેતી ન રાખીએ તો અનાજ અને કઠોળને ખાઇ જનારાં ઘનેડાં પણ જંતુઓ છે. વળી સાકર, ગોળ, મધ વગેરે મીઠી મીઠી વસ્તુઓને થોડા વખતમાં સાફ કરી નાખનારાં કીડી, મંકોડા વગેરે પણ જંતુઓના જ વર્ગનાં છે. પુસ્તકો અને કપડાંને કાણાં પાડી બગાડી નાખનારાં સફેદ માછલી જેવાં જીવડાં પણ જંતુઓ છે. ગમે તેવાં નાનાંમોટાં લાકડાંને ફોલી નાખી ખોખાં જેવાં બનાવનાર નાની દેખાતી ઉધઇ પણ જંતુના જ વર્ગની છે. પક્ષીનાં અને વાળવાળાં પ્રાણી (જેવાં કે કુતરાં બીલાડાંથી માંડીને માણસ સુધી) દરેકનાં શરીર અને માથામાં નાની દેખાતી પણ રાક્ષસ જેવી જે જુઓ પડે છે તે એક જાતના જંતુઓ છે. અને ઇતરડી, જુઆ, ડાંસ, મચ્છર તથા વકરી ગયેલા કાળા માખા વગેરે લોહી ચુસી જનારા પણ જંતુના જ વર્ગમાં આવે છે. પ્લેગ, કૉલેરા, મરડો, ક્ષય, ટાઢીઓ તાવ અને ઝેરી તાવ જેવાં ભયંકર દરદો પણ આપણા ઘરમાં આપણી સાથે જ વસતા જંતુ માખી અને મચ્છરથી થાય છે. અને માકડને તો તમે સૌ સારી રીતે જાણો છો; કારણકે તમારામાંથી ઘણાંનું લોહી તેણે ચુસેલું હશે.

હવે જંતુને કેવી રીતે ઓળખવા તે વિષે થોડું કહું. કોઇ પણ જંતુને બારીકીથી જોશો તો તેનું શરીર ત્રણ કટકાથી સંધાયેલું જોવામાં આવશે. (૧) માથાનો ભાગ; (૨) શરીરનો વચલો–માથા અને પેટની વચ્ચેનો–ભાગ; (૩) પેટનો ભાગ. વળી માથાના આગળના ભાગમાં બે ઝીણા લાંબા તંતુઓ હોય છે. તે તંતુઓની મદદથી જંતુઓ પોતાને ફરવાનો રસ્તો નિર્ભય છે કે નહિ તે નક્કી કરે છે. ત્યાર પછી આંખો આવે છે. જંતુઓને બે મોટી અથવા ઘણી નાની આંખો હોય છે. માથા પછીના ભાગમાં છ પગ અને બે અથવા ચાર પાંખો હોય છે. દરેક જંતુને છ પગ અને મોટે ભાગે ચાર પાંખો તો હોય જ છે. તે તેને ઓળખવાની ખાસ નીશાની છે.

દરેક જંતુને જન્મથી માંડીને મરણ સુધીમાં ત્રણથી ચાર શરીર ધારણ કરવાં પડે છે. એક ઈંડા જેવું, બીજું ઇયળ અથવા નાનાં બચ્ચાં જેવું, ત્રીજું ખાલી કોકડાં જેવું, અને પછી છેલ્લી અવસ્થામાં મોટી ઉમરના જંતુ જોવામાં આવે છે. દાખલા તરીકે પતંગીઉં પહેલાં ઇંડાં મુકે છે. પછી તેમાંથી ઇયળ થાય છે. આ ઇયળ ચારથી છ વખત પોતાનું રૂપ બદલાવે છે. પછી કંઇ પણ ખાધા વિના સમાધિ કરતું હોય તેમ ખાલી કોકડાં જેવું પડયું રહે છે; અને છેવટે તેમાંથી મોટું પતંગીઉં નીકળે છે. ટીડડાં પણ પહેલાં ઇંડાં મુકે છે, પછી તેમાંથી નાનું બચ્ચું થાય છે, અને ચારપાંચ વખત ઉપરનું ખોળીઉં બદલાવ્યા પછી મોટું ટીડડું થાય છે.

જંતુઓમાં જોવાની, સાંભળવાની અને વાસ લેવાની શક્તિઓ વધારે પ્રમાણમાં ખીલેલી હોય છે. ઘરમાં ગોળ કે સાકરનો ગાંગડો છુટો મુકો તો દૂરથી કીડી મંકોડા થોડા વખતમાં હાજર થઇ જાય છે.

જંતુઓમાં જેમ ઘણી જાતો છે તેમ દરેક જાતના જંતુઓને જુદી જુદી જાતના રંગ પણ હોય છે. કેટલાંક પતંગીઆં, ટીડડાં અને ભમરાના રંગ તો આપણને અજાયબ કરી મુકે તેવા હોય છે. જંતુઓના રંગ મોટે ભાગે જે સ્થાનમાં તેમને રહેવાનું હોય છે તેને મળતા આવે તેવા હોય છે. દાખલા તરીકે ઝાડ ઉપર રહેનારનો રંગ ઘણે ભાગે લીલો હોય છે. ઘાસમાં રહેનારનો રંગ ઘાસ જેવો હોય છે. માટીમાં રહેનારનો રંગ માટીને મળતો હોય છે.

જંતુઓનો વિસ્તાર બહુ જલદી વધે છે. કેટલાક જંતુઓ એક વર્ષમાં એકના દસગણા થાય છે, જ્યારે કેટલાએક જંતુના વિસ્તારનો બરાબર અભ્યાસ કર્યો હોય તો આપણને હેરત પમાડે એવો ૧૦૦૦૦૦૦૦૦૦ જેવી મોટી સંખ્યામાં થાય છે એવી ગણતરી કરવામાં આવી છે.

ત્યારે તો એક જ જંતુમાંથી એક વર્ષમાં આવડો મોટો વિસ્તાર થતો હોય તો એ ગણતરીએ આ સૃષ્ટિમાં જેટલા જંતુઓ છે તે બધાનો વિસ્તાર તો જગત ઉપર મનુષ્યને ઉપયોગી કાંઇ પણ ચીજ રહેવા ન દે! બરાબર, એ વાત ખરી છે; પરંતુ આપણે જાણીએ છીએ તે પ્રમાણે જેટલાં જન્મે તેટલાં જીવતાં રહેતાં નથી. આપણે આગળ કહી ગયા તે પ્રમાણે કેટલાકને બીજા જંતુઓ ખાઇ જાય છે, કેટલાએકને પક્ષીઓ અને બીજાં પ્રાણીઓ ખાય છે, કેટલાંક ટાઢ, તડકા અને વરસાદની અસરથી મરી જાય છે, જ્યારે કેટલાએક અનેક જાતના રોગથી પણ મરી જાય છે; અને એ રીતે કુદરતમાં જંતુઓના વિસ્તારનું સમતોલપણું સચવાઇ રહે છે.

પોપટભાઈ



એક ગામડામાં એક ડોસો મહેતાજીનું કામ કરતો હતો, અને ગામના છોકરા તેની પાસે ભણવા આવતા. એક દિવસ ચતુરીઆને 'ક'ની બારાખડી શીખવતાં મહેતાજી ક્ર્ક્રૂ બોલવા ગયા ત્યાં ચતુરીઆની પાટી ઉપર મહેતાજીનું થુંક પડ્યું. ચતુરીઓ કહે, 'સાહેબ, જરા સાચવીને બોલો; તમારૂં થુંક મારી પાટી પર પડે છે.' મહેતાજી બોલ્યા, 'અલ્યા, તને ખબર નથી, કે મહેતાજીનું થુંક તો ગંગાજળ કહેવાય?' ચતુરીઓ ચુપ થઇ ગયો. તે સાંજે ઘેર ગયો અને પોતાના દાદા પાસે રમવા ગયો. એટલામાં તેના દાદાએ તેને પોતાનો પડી ગયેલો દાંત આપ્યો અને કહ્યું, 'આ ગંગાજળમાં નાખી આવ.' ચતુરીઆએ દાંતનો ભુકો કરી તેની પડીકી વાળી. બીજે દિવસે જેવા મહેતાજી ક્ર્ક્રા શીખવવા લાગ્યા કે તરત ચતુરીઆએ પેલી પડીકી મહેતાજીના મોંમાં નાખી દીધી. મહેતાજીએ કહ્યું, 'અલ્યા તેં શું કર્યું?' ચતુરીઓ કહે, 'સાહેબ, એ તો મેં ગંગાજળમાં મારા દાદાનો દાંત નાખ્યો!'

☘

છોકરાં રત્નસાર ચીતારાનાં ચિત્રો જોતાં હતાં. એટલામાં રમણ બોલ્યો, 'આ રત્નસાર બહુ મોટો ચિત્રકાર હતો. તે એક જ ઝટકે હસતા ચહેરાને રડતો બનાવી શકતો.

દમન—ઓહો, એમાં તે શું? એવું તો મારા ... આવે છે!

☘

છોકરો—(પોતાના બાપને) કાળી મુરઘી અને ધોળી મુરઘી એ બેમાં વધારે હુશીઆર કોણ?

બાપ—મને કંઈ ખબર પડતી નથી.

છોકરો:—એ તો બહુ સહેલું છે. કાળી મુરઘી ધોળાં ઇંડાં મુકી શકે છે; પણ ધોળી મુરઘી કાળાં ઇંડાં મુકી નથી શકતી. માટે કાળી મુરઘી હુશીઆર.

☘

ન્યાયાધીશ એક કેસમાં સાક્ષી તરીકે આવેલા ગામડાના એક કણબીને તપાસતા હતા.

ન્યાયાધીશ—શેઠે આ માણસ પાસે પૈસા માગ્યા ત્યારે આ માણસે શો જવાબ આપ્યો?

કણબી—સા'બ, એ ગાળા ચાવતો'તો.

ન્યાયાધીશ—ગાળા એટલે શું?

કણબી—સા'બ, એ ગળચવાં ગળતો'તો.

ન્યાયાધીશ—પણ ગળચવાં એટલે શું?

કણબી—સા'બ, એ ચીંથરાં ફાડતો'તો.

ન્યાયાધીશ—પણ શુદ્ધ ગુજરાતીમાં કહોને.


કણબી—સા'બ, એ ઢેફાં ભાંગતો'તો.


ન્યાયાધીશ—પણ હું સમજું એવી ભાષામાં બોલોને.

કણબી—સા'બ, એ લોચા વાળતો'તો.

ન્યાયાધીશ—શું બીજો કોઈ ચોકખો શબ્દ નથી આવડતો?

કણબી—સા'બ, એ થોથરાતો'તો.


:: મનહર છંદ ::
ઊંટ કહે, 'આ સમામાં વાંકાં અગવાળાં ભુંડાં,
ભુતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે!
બગલાની ડોક વાંકી,
પોપટની. ચાંચ વાંકી.
કુતરાની પુછડાનો
વાંકો વિસ્તાર છે.
વારણની સુંઢ વાંકી,
વાઘના છે નખ વાંકા,
ભેંશને તો શિર
વાંકાં શીંગડાંનો ભાર છે.'
સાંભળી શીઆળ બોલ્યો,
-દાખે દલપતરામ-
'અન્યનું તો એક વાંકું
આપનાં અઢાર છે.'
કવિ
દલપતરામ
ચિત્રકાર
પંડિત



વીજળીની રમતો

તમને કોઇ દિવસ એવો વિચાર સુઝ્યો છે ખરો કે વીજળીના નવાનવા ખેલ થઇ શકે ? તમે કઈ વીજળી સમજો છો ? આકાશની નહિ. જે વડે રસ્તા પર દીવા બળે છે અને સંચા ચલાવાય છે તેવી જાતની. પરંતુ એ વીજળી પણ બહુ ભારે અને ખરચાળ હોય છે. આપણી રમત માટેની વીજળી તો નહિ જેવાં સાધનોથી ઘેર ઉત્પન્ન થઇ શકે.

નીચે લખેલી ચીજો તો આપણા રોજના વપરાશની છે. એ વડે તમે ઘેર એવા વીજળીના ખેલ કરી શકો. દાંતીઓ, ગુંથવાનો એબોનાઇટનો સોયો, પીંગપોંગ રમવાનો દડો, બ્રાઉન પેપર, ઊનના કપડાંના કટકા, રેશમી લુગડાની પટી, અને રૂંવાંવાળું કપડું. બસ, આટલી ચીજો જો તમારી પાસે હોય તો તમે નીચે લખ્યા તેવા ખેલો કરીને તમારા મિત્રોને ખુશખુશ કરી શકશો. અને એમાંથી નવું નવું શીખવાનું મળશે તે તો જુદું.



એટલું ધ્યાનમાં રાખવું કે વીજળીની રમતોનાં સાધનો તદ્દન સુકાં હોવાં જોઇએ. આની ખાતરી કરવા તેમને થોડાં ગરમ કરી લેવાં; અને કેટલાંકને તપાવી લેવાં પણ ખરાં.

શિયાળાની સવારે સુકા વાળ ઓળતી વેળા થતો તડતડ અવાજ તો આપણામાંના ઘણાકે સાંભળ્યો હશે. પણ એ અવાજ દાંતીઓ વાળ જોડે ઘસાય છે તેથી ઉત્પન્ન થતી વીજળીને લીધે થાય છે, એ વાત તો આપણામાંના બહુ થોડા જાણતા હશે. ખાતરી કરવી હોય તો વીલાયતી એબોનાઇટનો દાંતીઓ તમારા માથાના વાળમાં ફેરવો. (અહીં ખાસ ધ્યાનમાં રાખવું કે વાળ ભીના ન હોય.) પછી તેના છેડાને કાગળના બારીક ટુકડા કે ઘઉંની કુંડીનાં છોતરાં આગળ ધરો. તમે જોશો કે છોતરાં કે કાગળના ટુકડા ખેંચાઇને એકાદ ઇંચ જેટલે છેટેથી દાંતીઆને દોડી વળગશે!

આનું કારણ એ છે કે દાંતીઓ જ્યારે વાળ સાથે ઘસાય છે ત્યારે એમાં વીજળી પેદા થાય છે. જે પદાર્થમાં વીજળી રહેલી છે તે પદાર્થ બીજી દરેક વસ્તુને આકર્ષી શકે. વીજળીનું આ ખાસ લક્ષણ તો જાણીતું છે.

દાંતીઆને બદલે ગુંથવાનો એબોનાઇટનો સોયો કે લખવાની ઇન્ડિપેન્ડન્ટ પેન લઇને તેને માથામાં ઘસવાને બદલે ઊન, રેશમ કે રૂંવાંવાળા કપડાથી ઘસો. તેમ નહિ કરો ને સુકા હાથમાં ઘસશો તોપણ છોતરાં કે કાગળના કકડાઓ ધરીને વીજળીની રમત જોઇ શકશો.

પીંગપોંગ રમવાના દડા જેવો કોઇ હલકો દડો

પણ વીજળી ઉત્પન્ન કરેલા દાંતીઆથી આકર્ષી શકાય છે. બે નક્કર સળીયાને એક ઇંચને અંતરે રાખી તેના ઉપર એ દંડો મુકો. સળીઆ ઉપર વીજળી ઉત્પન્ન કરેલો દાંતીઓ ધરવાથી વીજળીના અદૃશ્ય બળથી દંડો આમતેમ ચાલતો દેખાશે. આવી વીજળી ગરમ કાચની નળીને રેશમ સાથે ઘસવાથી પણ ઉપજાવી શકાય અને ઉપર કહેલો પ્રયોગ અજમાવાય.

વીજળીના આકર્ષણની વધારે ખાતરી કરવી હોય તો લોઢાના પાતળા વાળાનો આંકડીઓ બનાવી તેને દોરી વડે એક કકડા સાથે બાંધો. વીજળી ધારણ કરેલા દાંતીઆને અગર તો એવા સોયાને આંકડીઆમાં ભરાવી રાખવાથી તે પાસે ધરેલી આંગળી તરફ ખેંચાઇ આવશે. આ પ્રયોગમાં વીજળીવાળી ચીજ કોઇને ખેંચવાને બદલે પોતે જ ખેંચાય છે; કારણ કે આકર્ષણનું બળ અરસપરસ છે. જેટલા બળથી વીજળી-વાળો દાંતીઓ આંગળીને આકર્ષે છે તેટલા જ બળથી દાંતીઆને આંગળી પણ ખેંચશે.

સાચા રેશમની (બનાવટી રેશમ આવે છે તે ન ચાલે) બે ફુટ લાંબી પટીને બરોબર વચ્ચેથી બેવડી કરી દેવતા ઉપર સહેજ ગરમ કરો. પછી જમણે હાથે બે છેડા લટકતા રહે એમ પકડી એની વચ્ચે ડાબા હાથની આંગળીઓ સરકાવો. (હાથ ઉપર રબરનાં મોજાં પહેર્યાં હોય તો વધારે સારૂં.) પછી ધીરે ધીરે પટીના સાથે બરોબર ઘસાઇને ઉતરે એમ આંગળીઓ નીચે લાવો. તમે જોશો કે પટીના બન્ને છેડા એક બીજાથી દૂર નાસવા માંડશે. અને વળી જે વસ્તુમાં વીજળીએ પ્રવેશ ન કર્યો હોય તેવી વસ્તુ (દાખલા તરીકે તમારી પોતાની આંગળી) એ બન્ને છેડા આગળ ધરવાથી તે ખેંચાશે પણ ખરા.

આશરે એક ફુટ ઉંચો ચોપડીઓનો ઢગલો કરો, અને સૌથી ઉપલી ચોપડીનાં પાનાં વચ્ચે એબોનાઇટ-નો ગુંથવાનો સોયો પાંચ છ તસુ બહાર રહે એમ ગોઠવો. પછી સોયાના માથા ઉપર રેશમની સાતેક તસુની લાંબી દોરી વતી એક બુચ અથવા રૂંવાંટીવાળા ચામડાનો ટુકડો લટકાવો. પછી વાળના ઘર્ષણથી જેમાં વીજળી આવી હોય તેવા દાંતીઆને તેની નજીક લાવો. પ્રથમ તો બુચ દાંતીઆ તરફ ખેંચાઈ આવશે. પરંતુ થોડા વખત પછી બુચ દાંતીઆથી એકદમ દૂર નાસશે. અલબત્ત, આ અજાયબીભરેલું છે; પણ એથી વીજળી વિષેના આપણા જ્ઞાનમાં વધારો થશે. જ્યારે બે પદાર્થોમાં એક જ પ્રકારની વીજળી પસાર થાય છે ત્યારે તે પદાર્થો એકબીજાથી દૂર હઠે છે.

આ જ પ્રયોગમાં દાંતીઆમાંથી વીજળી ધીમેધીમે બુચમાં પસાર થાય છે. જ્યારે બુચમાં એ જ જાતની વીજળીનું બળ દાંતીઆના બળની સમતોલ થઈ રહે છે ત્યારે બન્ને પદાર્થો એકબીજાથી દૂર નાસે છે. વળી, સોયાને છેડે બીજો બુચ લટકાવીશું અને બંને બુચ પાસે રહે ત્યારપછી જો અગાઉની માફક વીજળીવાળો દાંતીઓ તેની પાસે ધરીશું તો પ્રથમ બન્ને બુચ દાંતીઆ તરફ આકર્ષાશે, પછી બન્ને પાછા જશે, અને વળી સાથેસાથે એકબીજાથી પણ દૂર નાસશે. આનું કારણ ઝટ સમજી શકાય તેવું છે. દાંતીઆમાં અને બુચમાં જ્યારે એક જ પ્રકારની સરખી વીજળી હોય છે ત્યારે તેઓ બન્ને એકબીજાથી દૂર નાસવાનો પ્રયત્ન કરે છે તે આપણે હમણાં ઉપર જોયું. વળી બન્ને બુચમાં પણ એક જ પ્રકારની વીજળી દાખલ થયેલી હોવાથી તેઓ પણ એકમેકથી જુદા પડે છે; અને જ્યાં સુધી અંદરની વીજળી હવામાં ચાલી જઇ બહારની હવામાં રહેલી વીજળીની સમતોલ થઇ ન રહે ત્યાંસુધી તેઓ એકબીજાથી જુદા જ રહે છે.

'બા, હું નદી પર તરવા જાઉં ?'

"જા; પણ બેટા, સંભાળજે હોં! તારા પગ લપસે અને તું ડુબવા માંડે તો ઘેર કહેવા આવજે!'

મધરાતની વ્હિસલ

શિઆળાની સાંજના છ વાગ્યા. મીલમાં ઘરર ઘરર થતું બંધ થયું. મોટાં મોટાં ચક્રો ધીમાં પડી ગયાં અને થોડી વારે બધું શાંત થઇ ગયું. ગુજરાત મીલનાં અઢી હજાર માણસો નવરાં થઈ ઘેર જવા લાગ્યાં.


પણ રૂ પીંજવાના એક સંચા આગળ આશરે ચૌદ વર્ષનો ફિક્કા ચહેરાનો છોકરો થાકીને લોથ થઇ ગયેલો ઉભો હતો. સવારના સાત વાગ્યાથી તે કામે ચડ્યો હતો. ફક્ત બપોરે એક કલાક નાસ્તા માટે છૂટ્યો હતો. રૂની ઝાણ ઉડતી હોય, ઝેરી હવા ભરીભરી લાગતી હોય તેમાં દસ કલાક કામ કરવું એટલે શું ?

તે મોટા ઓરડામાં ચોગરદમ સંચાઓ હતા. એક ખુણામાં કપાસની ગાંસડીઓ સાફ કરવા માટે મૂકેલી હતી. એ કપાસ કચરો ભળેલો, કાલાની ફોટીવાળો અને વાસ મારતો લાગતો હતો. પણ છગન એટલો નરમ થઇ ગયો હતો કે તે તરફ માંડમાંડ પહોંચ્યો અને જરા વીસામો લેવા ડીલ નાખ્યું. મીલના દરવાજા સાત વાગ્યા સુધી ઉઘાડા રહે છે. તે પહેલાં તો પોતે ઘેર પહોંચવા જેટલો હુશીઆર થઇ જશે એમ માનીને તેણે આંખો મીંચી.

તે જાગ્યો ત્યારે તો અંધારૂં ઘોર થઈ ગયું હતું. થોડી વાર સુધી તો પોતે ક્યાં છે તે એ સમજ્યો નહિ અને ધ્રુજતો બેસી રહ્યો. એટલામાં મીલની કાચની બારીઓમાંથી ચંદ્રનો પ્રકાશ સંચાઓ ઉપર પડ્યો તે જોઈ તેને ખરો ખ્યાલ તાજો થયો. 'ઓહો ! હું તો બહુ સુઇ રહ્યો ! બહાર દરવાજા તો ક્યારના બંધ થઇ ગયા હશે !' તે બબડ્યો.

થરથરતો થરથરતો તે જેમતેમ કરી ભઠ્ઠી તરફ પહોંચ્યો. ત્યાં બીજા દિવસને માટે ભઠ્ઠી તૈયાર અને ચાલુ હતી; પણ ત્યાં કોઈ ચોકીદાર નહોતો, તેમ ભઠ્ઠીપર રાતપાળી રહેનારો માણસ પણ નહોતો. છગનને એ જોઈ નવાઇ લાગી. ભઠ્ઠીવાળો ક્યાં ગયો હશે તેની વિમાસણ કરતો તે બાજુમાં ગુણીઆની ગાંસડીઓ પર પડ્યો અને ભઠ્ઠીની હૂંફથી ફરી પાછો ઉંઘી ગયો. પણ થોડીવારે કંઇક વાતચીતના અવાજથી તે જાગી ગયો.

ચાર માણસો કંઇ વાત કરતા હતા. તેમાંથી



એને તો તેણે ઓળખ્યા. એક ચોકીદાર હતો અને એક ભઠ્ઠીવાળો હતો. બીજા બે અજાણ્યા લાગ્યા. અજાણ્યામાંથી એક બોલ્યો, 'તારે તો ફક્ત એંજીન ખોટકાવવું. તે સમું થતાં તો અઠવાડીઆં થશે. એટલા વખતમાં તો એજંટને અમારી માગણીની સાનસમજણ બરોબર આવી જશે. એ એક જ મીલ એજંટ મજુર યુનીઅનની માગણી સામે થાય છે: અને તેને અમે કોઇપણ રીતે નમાવીશું—સીધી રીતે કે આડી રીતે.'

છગનને બીચારાને એજંટ અને મજુરોના ઝગડા બાબત ખરાખોટાની કશી માહીતી નહોતી. પણ આ વાત પરથી એટલું તો એ સમજ્યો કે કંઇક છાનો દગો થાય છે અને આ માણસો એંજીન ભાંગવાની વાત કરે છે. તેમ બની જાય તો અઢી હજાર માણસો—ઓરતો અને છોકરાં બેકાર (ધંધા વિનાનાં) થઇ જાય; અને એ બેકારી એટલે તે બધાંનો ભુખમરો! એ વિચારે તેને કમકમાં આવ્યાં.

તે સુતો હતો ત્યાંથી તરત જ તેણે જરા હાથ લંબાવીને બાજુમાં લટકતી એક દોરી પકડીને ખેંચી. બીજી પળે તો મધરાતની ગંભીર શાંતિ વચ્ચે ભયંકર ચેતવણીની વ્હિસલ ગાજી ઉઠી.

... ...

ગુજરાત મીલ બચી ગઇ.

છગન અત્યારે મીલના બધા મજુરોના પ્રેમ અને આદરને પાત્ર થઇ ગયો છે અને બુઢ્ઢા મીલ એજંટનો તો તે જમણો હાથ ગણાય છે.

નાવનો કપ્તાન


નાવનો કપ્તાન, થઇશ હું નાવનો કપ્તાન,
કહું છું તે કરી નિદાન, થઇશ હું નાવનો કપ્તાન—નાવનો૦

આગ્રહ, દઢતા, ખંત ખડાં ત્યાં ધાર્યાં પડે નીશાન,
જોજો! કહું છું, થઇશ ખરે હું કોઇક દિન કપ્તાન:
થઇશ હું નાવનો કપ્તાન.

આ નીકની નદીઓમાં મારા શઢ જો! ઉડે સમાન,
એવા ઉછળતા સાગરનાં જીતીશ હું તોફાન:
થઇશ હું નાવનો કપ્તાન.

આનન્દી, ઉત્સાહી થઇશ હું નાવિકનો પ્રિય પ્રાણ,
ભરતી હો કે ઓટ ભલે હો, સીધું મારૂં સુકાન:
થઇશ હું નાવનો કપ્તાન.

ભલો થઇશ, બહાદુર થઇશ હું, પ્રભુમારગનો જાણ,
દુનીઆના દરીઆઓ ઉપર ઘુમશે મારૂં વહાણ:
થઇશ હું નાવનો કપ્તાન.





સૌરાષ્ટ્રની રસધાર: સંગ્રાહક, સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર, રાણપુર. કીંમત ૧-૮-૦

ગુજરાત અને કાઠીઆવાડ એ એક માતાનાં બે બાળક છે. ગુણ અને સ્વભાવના ભેદથી લોહીના સંબંધો જુદા ન પડે. વરસો થયાં ગુજરાત કાઠીઆવાડને ભુલી ગયું છે. અભણ કાઠીઆવાડે ગુજરાત સાથેનો સંબંધ વધુ ગાઢ કર્યો છે; છતાં અમે જોઇએ છીએ કે ગુજરાતનું મોં તો મુંબઈ, કલકત્તા અને વીલાયત ભણી જ વધુ વળ્યું છે. સુધારામાં સૌરાષ્ટ્ર ગમે તેટલું પાછળ હોય, અજ્ઞાનથી ગમે તેટલું ભરેલું હોય, છતાં ગુણગ્રાહક ગુજરાત જોઇ શકશે કે સૌરાષ્ટ્રમાંથી શું શું મળી શકે. આ 'રસધાર' એમાંની એક છે.

સાદા ગૃહજીવનમાં સાચાં પ્રેમ અને શૌર્ય સૌરાષ્ટ્રનાં છે. સહૃદય ભોળપણ અને ખરી પરોણાગત સૌરાષ્ટ્રની છે. દુહાઓ તો એની અસાધારણ સમૃદ્ધિ છે. રસધારની કથાઓ જે વાંચશે તે આટલું જરૂર જોશે.

મધ્યયુગ પ્રેમ-શૌર્યનો હતો. તે વેળા સાચા પ્રેમને માટે ભોગ દેનારા ભક્તોમાં શૌર્ય હતું અને સાચા શૌર્ય ઉપર વારી જવા જેટલો છલોછલ પ્રેમ હતો. દુઃખીઆંનાં દુઃખ ફેડવા અને નિરપરાધીઓના બચાવ ખાતર પ્રાણ હોમનારાઓ પણ હતા. તે વેળા ચોર, લુંટારા અને બહારવટીઆઓ પણ ઉદાર સજ્જન હતા. યુદ્ધના પણ નીતિનિયમો હતા.

જીવનમાંથી સાહિત્ય ઉછળે ત્યારે પ્રજામાં ખરા પ્રાણ પ્રગટે. આપણે સાહિત્યમાંથી જીવન જગાડવા મથીએ છીએ. તે વખતનું સાહિત્ય પુસ્તકોના પીંજરામાં પુરાયેલું ન હતું; પણ મધ્યયુગના બ્રાહ્મણો જેવા ચારણોની જીભે વસેલું. તેઓને અંગેઅંગ રાતદિવસ 'સરસ્વતી અને સત્ ચડતાં.' સતીઓની અમર કીર્તિ સાચવનાર ને પ્રસારનાર તથા દેશદેશમાં સ્વદેશનાં જયગીતો ગાનાર એ ચારણદેવો હતા. વંશપરંપરા રાષ્ટ્રપ્રેમની જીવાદોરી સળંગ ટકાવી રાખનાર એ બારોટો હતા. ધન રળનાર નહિ પણ રાસા રચનાર એ ગઢવીઓ હતા. 'શુરા બાવીસ હજાર'ને શુરાતન ચડાવનાર તેઓ જ હતા. એમની સ્ત્રીઓ એટલી જ શુરી સતીઓ હતી. તેમનામાં રૂપ અને શુર ભારોભાર રહેતાં. આ કથાસંગ્રહ એ ચારણદેવોને ચરણે ધર્યો છે તે યોગ્ય જ છે.

એ રજપુત જુવાનો ને કાઠી આપાઓ, એ વીર ગરાસણીઓ ને સિંહણ જેવી કાઠીઆણીઓ, એ ડાયરાઓ ને ડુંગરમાંના નેસડાઓ—આ સૌને માટે સૌરાષ્ટ્ર આજે પણ સગર્વ ઉભો રહી શકે છે.

હાલની ખોટી અને નમાલી ભાષાના યુગમાં શુદ્ધ હૃદય અને ખરો વીરરસ લાવવામાં રસધાર સફળ નીવડી છે. સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિરે આ વાર્તાઓને સજીવન કરનાર ભાઇનું નામ પ્રકાશમાં મુક્યું હોત તો રસધારનું વ્યક્તિત્વ વિશેષ ઝળકત.

ખરાબ છપાઇને લીધે કથાઓ વાંચતાં રસભંગ થાય છે. પુસ્તકના પ્રમાણમાં કીંમત સહેજ વધુ છે. અમને શ્રદ્ધા છે કે હવેની રસધારનાં બિંદુઓ વધુ સુંદર હશે.

એ રસધારમાંની એક નાનકડી વાર્તા 'કુમાર'ના વાંચનારાઓના રસાસ્વાદ માટે આ નીચે ઉતારી લઇએ છીએ.

રાણજી ગોહિલ

હજી યે એ ઉંચા કિલ્લાની દીવાલને ઘસીને નદી ચાલી જાય છે. કિલ્લામાં નકસી, ગોખ કંડારેલા ને રાણીઓને નદીની ક્રીડા નીરખવા માટે જુક્તિદાર ઓરડા બંધાવેલા. હજી યે એકવાર એ રવેશમાં ઉભા રહીને નદીના પટ ઉપર સમી સાંજની પનીઆરીઓને નીરખીએ, ગરાશીઆનાં ઘોડાં ખાળીએ, જુવાનોની કુસ્તી જોઇએ, ચારણોના છંદો ને કુમારિકાઓનાં ટોળાંના રાસડા સાંભળીએ, ત્યારે સમય છસો વરસ પાછો હઠી જાય ને એ વિલાસી રાજા રાણજીના હાસ્યકલ્લોલ કાને અથડાય.

એ ગામ રાણપુર; એ નદી શુકભાદર; અને રાણજી ગોહિલે બંધાવેલો એ કિલ્લો. એ તે કિલ્લો કે ક્રીડામહેલ ?

એ રાજા વિલાસી હતો. એને ચોરાશી રાણીઓ હતી. દિવસરાત એ રણવાસમાં જ રહેતો. લોકો એને 'કનૈયો' કહેતાં. એ રાજાને એવો નિયમ કે કદી મુસલમાનનું મોં ન જોવું. એક દિવસ જુનાગઢના દાતારની જાત્રા કરીને એક મેમણ ડોશી અને એનો દીકરો પાછાં અમદાવાદ જતાં હતાં. રસ્તામાં માદીકરો રાણપુર રાત રહ્યાં.

સવાર પડ્યું. રાજા પૂજા કરતા હતા તે વખતે એ ડોશીના બેટાની બાંગ સંભળાઇ. બ્રાહ્મણોએ રાજાજીને સમજાવ્યું કે આ યવનના અવાજથી પૂજા ભ્રષ્ટ બની ! રાજાને કુમતિ સુજી. એ બાળકનો એણે શિરચ્છેદ કરાવ્યો !

છોકરા વિનાની ફટફટની માતાએ અમદાવાદ જઇને ચોધાર આંસુએ મહમદશાહ બેગડા પાસે વાત કહી. મહમદશાહે પોતાની ફોજ રાણપુરનો નાશ કરવા મોકલી દીધી. રાણપુર સમાચાર પહોંચ્યા કે સેના ચાલી આવે છે. પરંતુ રાજાને કોણ કહેવા જાય ? રાજા તો રણવાસમાં અહોરાત ગુલતાન કરે છે; બહારની દુનીઆ પર નજર પણ કરતો નથી. સહુને બીક લાગે છે કે કહેવા જનાર જીવતો પાછો નહિ નીકળે.

પછી તો એક ચારણે હિમ્મત કરી. અંદર જવાનો રસ્તો તો બંધ હતો, એટલે નદીની અંદર બરાબર ગોખની સામે ઉભા રહીને ચારણે અવાજ માર્યો કે,

રાણા રમતું મેલ્ય, કનારે ચડીઆં કટક:
ક્ષત્રી, ચોપટનો ખેલ, ગોહિલ તુંને લાગ્યો ગળ્યો.

[હે રાણા ! હવે તો રમત છોડ. શત્રુનું સૈન્ય તારા સીમાડા સુધી આવી પહોંચ્યું. (અગર કનારા ગામ સુધી આવી પહોંચ્યું.) હે ક્ષત્રી ! ચોપાટની રમત શું તને એટલી બધી મીઠી લાગી ગઇ, કે હજી નથી ચેતતો ?]

ચારણના શબ્દો કાને પડતાં તો ચોપાટના પાસા ફગાવીને રાણો ઉભો થયો. રાણીઓને ભલામણ દીધી કે 'જુઓ, જ્યાંસુધી મારા વાવટાને તમે યુદ્ધભૂમિ પર ઉડતો જુઓ ત્યાંસુધી જાણજો કે હું જીવતો છું; પણ જ્યારે વાવટો ન દેખાય ત્યારે સમજજો કે મારો દેહ પડી ગયો.' રાણીઓએ ઉત્તર દીધો, 'રાજા, જોજો હો, એ વાવટો પડ્યા પછી ચોરાશીમાંથી એકેય જીવતી નહિ રહે.'

રાણજી સૈન્ય લઇને રણે ચડ્યો. રાણપુરથી ત્રણચાર ગાઉ આઘે મહમદની ફોજ સાથે એની તલવારો અફળાઈ. અહીં ગઢને ગોખે બેઠીબેઠી ચોરાશી રાણીઓ નજર માંડીને જોયા કરે છે. ધજા ગગનમાં ઉડતી દેખાય છે. એ ધજાના આધારે રાણીઓ જીવે છે.

વિજય કરીને રાણજી પાછો વળ્યો. જયશાળી સૈન્ય પર ઝુંડો ફરકતો જાય છે. રસ્તામાં એક વાવ આવી. ઝુંડો ઉપાડનાર ઝુંડો નીચે મુકીને વાવની અંદર પાણી પીવા ઉતર્યો. રાણજીનું ધ્યાન નહોતું રહ્યું. એ તો ભુલી ગયો હતો કે એ વાવટા ઉપર ચોરાશી જીવાત્માઓ ટાંપીને બેઠા હશે !

કિલ્લાના ગોખમાં બેસીને ઝુંડાના ઉપર નજર માંડી રહેલી એ ચોરાશી ક્ષત્રીઆણીઓએ જાણ્યું કે 'પતાકા પડી અને રાજા મરાયો. હવે હમણાં મુસલમાનો આવી પહોંચશે.' તમામ રાણીઓએ કિલ્લાના કુવામાં પડીને પ્રાણ છોડ્યા.

વિજયી રાજા દોડતે ઘોડે રાજમહેલમાં આવ્યા. જુએ તો રાણીઓના શબથી કુવો બુરાએલો ! એનો સંસાર એક પળમાં વેરાન સમો બની ગયો.

હવે જીવીને શું કરવું ? એમ વિચારીને એ પાછો મુસલમાન ફોજ અમદાવાદ તરફ જતી હતી તેમાં પહોંચ્યો ને યુદ્ધ કરતાં કરતાં મરાયો.

મુસલમાન ફોજે રાણપુર આવી કિલ્લો હાથ કર્યો. રાણી તો એક પણ જીવતી નહોતી. કુંવર મોખડાજીને લઇને એક દાસી રાણજીના ભાઇને ઘેર ઉમરાળે નાસી ગયેલી.

હજીયે જાણે એ રાજમહેલનાં ખંડેરોમાં ચોરાશી મુખોના કલકલ હાસ્યધ્વનિ ગાજે છે; સામસામી તાળી દેતા એ સુંદર સુકોમળ હાથની બિલોરી બંગડીઓ જાણે રણઝણી રહી છે; ચોપાટના પાસા ફેંકાતા સંભળાય છે; અને ઉપર ગુંજી રહ્યો છે એ નિર્ભય ચારણનો ઘેરો અવાજ કે,

'રાણા રમતું મેલ્ય, કનારે ચડીઆં કટક'

અને એ કુવો ? ચોરાશી સુંદર પ્રેત શું રાત્રિએ ત્યાં હીબકાં નહિ ભરતાં હોય ?

આજ એ કિલ્લાની નદી તરફની આખી દીવાલ મોજુદ છે. અંદરના ભાગમાંથી ધોબી લોકો છીપરાં કરવા માટે સુંદર લાંબા પત્થરો ઉપાડી જાય છે. પૂર્વ દિશા પર દીવાલ વિનાનો એક જ દરવાજો હવે ઉભો છે. એ દરવાજાનાં કમાડ પર છસો ચોમાસાં વરસી ગયાં, પણ હજી લાકડું સડયું નથી. બાકી બધું છિન્નભિન્ન છે.

કઠલાલની ડોશી

સ્વામીનારાયણ સંપ્રદાયમાં કઠલાલના ડોશીની વાત જાણીતી છે. સહજાનંદ સ્વામીએ એ ડોશીની શ્રદ્ધા તથા તેના ગામવાસીઓ ઉપરના પ્રેમની બહુ પ્રશંસા કરી હતી; છતાં અજાયબજેવું એ છે કે એ ડોશીનું કાર્ય એ સંપ્રદાયમાં જેટલું જાણીતું છે તેટલું જ એનું નામ અજાણ્યું રહ્યું છે ને એનું ગામ પ્રસિદ્ધ થયું છે.

જ્યારે સ્વામીનારાયણ કઠલાલ ગયા ત્યારે આ બાઇ એક જ આખા ગામમાંથી સત્સંગી હતી. એ ગામમાંથી સહજાનંદ સ્વામી નીકળી બહારગામ જવા તૈયાર થયા ત્યારે આ ડોશીને પોતાના ગામના લોકો યાદ આવ્યા. એને સહજાનંદ સ્વામી પાસે પોતાના ગામ માટે કંઇ માગી લેવાનું મન થયું. શું માગવું ? ગામના લોકો ખુબ પૈસાદાર થાય એવું ?

થોડીવાર વિચાર કરી ડોશી એક ઘડો ભરીને પાણી લઇ આવી, અને સહજાનંદ સ્વામીને એમાં તેમનાં ચરણ બોળવા વિનંતિ કરી. સહજાનંદ સ્વામીએ એવી માગણીનું કારણ પુછ્યું. ડોશીએ કહ્યું, 'મહારાજ, એ આપનું ચરણોદક હું ગામના કુવામાં રેડી આવીશ. આપના પગથી પવિત્ર થયેલું જળ પીવાથી લોકોની બુદ્ધિ શુદ્ધ થશે અને એમને સત્સંગમાં રૂચિ થશે.'

સહજાનંદ સ્વામી ડોશીની શ્રદ્ધા તથા શુદ્ધ દેશભક્તિથી પ્રસન્ન થયા અને એની માગણી સ્વીકારી. એ કુવો આજે પણ તીર્થ તરીકે પુજાય છે. કઠલાલ આજે દેશભક્તિ દાખવવામાં આગળપડતો ભાગ લે છે, એ શું એ ડોશીની વાસનાનું ફળ હશે ?

('મધપુડા'માંથી) 'ઓૌદ્ધવ'



માધુકરી

ચૌદ વર્ષનો વિદ્વાન

મદ્રાસ ઇલાકાના મદનપાલ તાલુકામાં કૃષ્ણમૂર્તિ નામે એક કુમાર છે. એનું જીવન ઘણું હેરત પમાડે તેવું છે. હાલ એની ઉમર ચૌદ વર્ષની છે.

કૃષ્ણમૂર્તિ નાનો હતો ત્યારે એની માતા ચાર બાળકો મુકી મરી ગઈ. તેનો પિતા એક વરસના બાળકને વાંસે બાંધી તથા બીજાને આંગળીએ દોરીને, કૃષ્ણમૂર્તિને અને તેના મોટાભાઇને વિદ્યા અપાવવાના હેતુથી કાશી જવા નીકળ્યો. થોડોક રસ્તો પગે ચાલીને કાપ્યા પછી તેઓ ગાડીમાં બેસીને ગયા. સંસ્કૃત પાઠશાળાના શાસ્ત્રીજી મોટા બે છોકરાઓને ભણાવવાની હા કહેતા; પણ નાનાં બાળકો અને તેમના પિતાને માટે કંઇ પણ કરવાનું માથે ન લેતા. આથી તેઓ મહાદુઃખે ભીખ માગતા હરિદ્વાર સુધી આવ્યા. જ્યાં પુછે ત્યાં ઉપલો જવાબ મળે. આ મુસાફરો હજી આગળ ચાલ્યા. ઉત્તરના પર્વતોમાં પંથ કરતા આખરે તેઓ હૃષિકેશ પહોંચ્યા. હૃષિકેશ સાધુઓને જ વસવાનું સ્થાન છે. ત્યાં ૧૦૦ વરસનો એક વૃદ્ધ યોગી આ સાત વરસના બટુક કૃષ્ણમૂર્તિને જોઇને અજાયબ થયો. યોગીએ તેને શાસ્ત્રાભ્યાસ કરાવવાનું માથે લીધું. પરંતુ એક વિઘ્ન નડ્યું. યોગી કે કૃષ્ણમૂર્તિ એકબીજાની ભાષાથી અજાણ હતા. જેમતેમ એ સંસ્કૃત શીખવા લાગ્યો. ત્રણ વરસમાં તો તેણે વ્યાકરણ અને તર્કશાસ્ત્રનું સારૂં જ્ઞાન મેળવ્યું. અહીં તે ૧૯૧૬થી ૧૯૨૦ સુધી રહ્યો. ત્યારે તેની ઉમર સાડાદસ વર્ષની હતી. તેના ગુરુજીએ તેને યાત્રા કરવાની અને પંડિત પુરુષોનો સમાગમ કરવાની આજ્ઞા દીધી. અઢી વરસ તેણે પર્યટન કર્યા કીધું. પછી તે મદનપાલ આવ્યો. ત્યાં તે વેદાંત અને સનાતન ધર્મ ઉપર તેલુગુ અને સંસ્કૃતમાં વ્યાખ્યાન કરે છે. ઉપનિષદો, સૂત્રો અને ગીતાનું તેનું જ્ઞાન અપૂર્વ છે. તેનાં વ્યાખ્યાન સાંભળનારાઓમાંના એક ભાઇ લખે છે:

'જે કોઇ કૃષ્ણમૂર્તિનું વ્યાખ્યાન સાંભળે તે તેના સરળ વિચારોથી, શુદ્ધ અને સુંદર તેલુગુથી, મંત્રો અને શ્લોકોના સ્પષ્ટ ઉચ્ચારથી, ઉંડી વિદ્વત્તા અને હાજર-



જવાબીથી છક થયા વગર ન રહે. તેનો સ્વભાવ ઘણો હસમુખો છે; તેની સાદાઇ રમુજભરી છે; એનો આત્મસંયમ અજબ છે. એનાં વ્યાખ્યાનો આગળથી તૈયાર કર્યા વિનાનાં તાત્કાલિક હોય છે.' —ધ યંગ સિટિઝન, મે ૧૯૨૩.

શાંતિનિકેતન અને શ્રીનિકેતન

કલકત્તાથી થોડે દૂર બોલપુરમાં કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની શાંતિનિકેતન નામે એક શાળા છે. સામાન્ય

નીશાળો કરતાં એ તદ્દન નવી જ ઢબની છે. ત્યાં શિક્ષક અને શિષ્ય બન્ને કુટુંબી જેવા બની છુટથી રહે છે. ત્યાં ભણવાનું બહાર ખુલ્લા મેદાનમાં કે ઝાડના છાંયા હેઠળ કે વેલીઓના મંડપ નીચે હોય છે. વિદ્યાર્થીઓ સ્વતંત્રપણે પોતાનો અભ્યાસ કરે, રમેખેલે ને વાંચેલખે, ને એ રીતે યોગ્ય મર્યાદામાં રહી પોતાનો વિકાસ કરે એવી ત્યાંની યોજના છે.

આ શાળાનો એક વિભાગ શ્રીનિકેતન નામનો છે. હિન્દુસ્તાન ખેતી ઉપર નભતો દેશ હોઇને આ ખાતું બહુ ઉપયોગી છે. ખેતીની ખીલવણી અને ગામડાંઓની સમૃદ્ધિ કેમ થાય એ શ્રીનિકેતનનું લક્ષ્ય છે. આ ખાતાના સઘળા કામદારો ગામડાંઓના લોક સાથે ખુબ હળીમળી રહે છે. તેઓ તેમને ખેતીની સહેલી અને અવનવી રીતો બતાવે છે એટલું જ નહિ, પણ અંદરઅંદરના કજીઆ ઘરમેળે સમજી લેતાં શીખવે છે. આથી પૈસા ખરચી કોર્ટે ચડવાની અને વેરઝેર વધારવાની વાત અટકે છે. નવા રસ્તાઓ બાંધવામાં તેઓ મદદ કરે છે; દવા માટે ઔષધશાળાઓ બનાવે છે; આરોગ્ય, સ્વચ્છતા વગેરે જનસુખાકારીનાં સઘળાં કામોમાં સહાયભૂત થાય છે; ગામડાંની સ્ત્રીઓ અને કન્યાઓ સાદું શીવણકામ શીખી શકે તથા થોડી કમાઇ કરી શકે તેવા ધરધંધા તેમને આવડે તેની પુરી કાળજી લે છે; વનસ્પતિઉછેર અને ઢોરઉછેરનાં કામો હાથ ધરે છે; અને તે સૌનો લાભ ખેડુતોને આપે છે. વળી વણાટકામ, કાતરકામ, રમકડાંની બનાવટ અને એવા બીજા નાબુદ થતા હાથઉદ્યોગોનો તેઓ ઉદ્ધાર કરે છે; રાત્રિશાળાઓ ચલાવે છે; મચ્છરો થઇ હવા ન બગડે માટે રસ્તા અને ગામની આસપાસનાં ખાબોચીઆં સાફ કરે છે, અને તળાવો, કુવા વગેરે નવાણોમાંથી કાદવ કાઢી તેમને ઉપયોગમાં આવે એવાં બનાવે છે. આ સઘળું કામ ત્યાંની સુંદર 'કુમારસેના' કરે છે.

શાંતિનિકેતન આ શાખાને નવી સંસ્કૃતિ અર્પી અનેક રીતે પોષે છે. ગામની સ્ત્રીઓ તથા બાળકોને તેમજ કન્યાઓને અને કુમારોને એકઠાં કરી તેમની પાસે ભુલાએલાં લોકગીત તેમજ શરીરમહેનતનાં સ્તુતિકાવ્યો ગવડાવે છે, ભાટચારણો પાસે પુરાણની અને મધ્યયુગની વીરરસવાળી કથાવાર્તાઓ કહેવડાવે છે અને પ્રજામાં નવા પ્રાણ પુરતાં નાટકો ભજવાવે છે.

શ્રી૦ રવીન્દ્રનાથ ઠાકુરના વિશ્વભારતી વિશ્વવિદ્યાલયે પહેલું પદવીદાન આ શ્રીનિકેતનના અધિષ્ઠાતા મિ. એલ્મહર્સ્ટ-ને કરેલું છે.

વૉશિંગ્ટન વૃક્ષ

અમેરિકાની એક ઉત્તમ સંપત્તિ સરખું 'વૉશિંગ્ટન વૃક્ષ' કાળના ઘસારામાં નાશ પામ્યું છે. ઇંગ્લંડના રાજા ત્રીજા જ્યૉર્જ જોડે અમેરિકાએ સ્વતંત્રતા મેળવવા યુદ્ધ માંડયું ત્યારે અમેરિકન લશ્કરનો મુખ્ય સેનાપતિ વૉશિંગ્ટન થયો. તેણે તે પદવી આ વૃક્ષ હેઠળ લીધેલી. એ ઝાડ હાલ હતું ન હતું થઇ ગયું છે.

અમેરિકાના ઇતિહાસનો એ અદ્‌ભુત પ્રસંગ બન્યે આજ ૧૪૮ વરસ વીતી ગયાં. તે વેળા વૉશિંગ્ટન વૃક્ષ ઉંચું, વિશાળ અને જુનું હતું, તોપણ આજલગી એ સનાતન ઇતિહાસના સાક્ષી રૂપે ઉભું હતું.

આ વૃક્ષની રાષ્ટ્રીય કીર્તિનો વધુ આધાર તો અમે-રિકાના એક ઐતિહાસિક પત્ર ઉપર છે. આ પત્ર જ્યારે વૉશિંગ્ટનને મુખ્ય સેનાપતિની સત્તા મળી ત્યારે તેણે પોતાની પત્નીને એ ઝાડની છાયા હેઠળ બેસી લખેલો.

કવિવર રવીન્દ્રનાથની છબી

આ અંકમાં રવીન્દ્રનાથ ઠાકુરનો જે સુંદર મોટો ફોટોગ્રાફ આપેલો છે તે માટે અમે વડોદરાના અમારા મિત્ર શ્રી૦ શંકરરાવ દેહાડેના આભારી છીએ. એ છબી વિષે થોડી હકીકત જાણવા જેવી છે.

રવિબાબુ હમણાં વડોદરામાં શાંતિનિકેતનના ફંડ માટે આવેલા, તે વખતે ભાઈ શંકરરાવે તેમની છબી લેવાની પરવાનગી માગી. સાંજના પાંચ વાગે તેમને રવિબાબુને ઉતારે આવવાનું કહેવામાં આવ્યું. સાંજે રા. શંકરરાવ ત્યાં ગયા તે વખતે અનેક માણસો કવિશ્રીને મળવાની રાહ જોતાં બેઠાં હતાં. આકાશમાં પણ વાદળાં હતાં અને શીઆળાની સાંજ જલદી આથમવા માંડી હતી. આવી સ્થિતિમાં ફોટોગ્રાફ લેવો એ સાહસ જ ગણાય. કવિશ્રીએ પોતે પણ ફોટો સારો આવવા માટે અંદેશો બતાવ્યો.

પણ એક અડચણ તો હજી બાકી હતી. ફોટો લેવા માટે ભાઇ શંકરરાવ જ્યાં કૅમેરો ખોલે, ત્યાં અંદરનો છબી મેળવવાનો દુધીઓ કાચ ફુટેલો માલુમ પડ્યો ! આ પળે કોઈ પણ માણસ ફોટો લેવાની વાત મુકી જ દે. પણ ભાઇ શંકરરાવે સમયસૂચકતા વાપરી રવિબાબુના સેક્રેટરી પાસેથી લખવાના એકબે નોટપેપરો મેળવી, તેને પાણી-માં પલાળી, દુધીઆ કાચની જગ્યાએ રાખીને છબી મેળવી લીધી અને ફોટો પાડ્યો. કવિવરને તો છબી માટે પુરી શંકા હતી; પણ બીજે દહાડે જ્યારે ભાઇ શંકરરાવે છબી કહાડીને પોતાના જ હાથની બનાવેલી દવાઓ વડે પોતાના જ બનાવેલા કાગળ પર છાપીને રવિબાબુને અર્પણ કરી ત્યારે એ તો બહુ જ પ્રસન્ન થઈ ગયા, અને નીચેનું પ્રશંસા-

પત્ર લખી આપ્યું. એ જ સુંદર છબી અમે આ અંકમાં 'રવીન્દ્રનાથ ઠાકુર'ના લેખની સામે આપી છે.

THE GUEST HOUSE.
BARODA.

I am pleased at the photographs of mine taken by Mr Uchare and am interested to know that chemicals and other materials needed for photography are prepared by himself
Rabindranath Tagore
Dec. 9.
1923

ભાઈ શંકરરાવ વડોદરા કલાભવનના ફોટોબ્લૉક વર્ગના અધ્યાપક છે, અને વડોદરા કલાભવનમાં રહી તેમણે એ ખાતામાં ઘણા નવા પ્રયોગો કરી ઉપયોગી રસાયણો બનાવ્યાં છે જેની નોંધ અમે બીજે કોઇ પ્રસંગે લઈશું. આવા ઉપયોગી ખાતાનું શિક્ષણ ઘણાં વર્ષોથી આખા મુંબઇ ઈલાકામાં માત્ર વડોદરા ખાતે જ અપાય છે તે માટે વડોદરા રાજ્યને ધન્યવાદ ઘટે છે. વિવિધ ધંધા શોધનારાઓનું ધ્યાન અમે તે ખાતા તરફ દોરીએ છીએ.

ગયે મહિને

ઈંગ્લંડના નવા વડા પ્રધાન

ઇંગ્લંડના મજુર પક્ષનો આગેવાન જેમ્સ રામ્સે મૅકડોનલ્ડ આ વખતની ચુંટણીમાં ઇંગ્લંડના વડા પ્રધાન તરીકે ચુંટાયો છે. મજુર લોકોનો નેતા વડા પ્રધાન તરીકે ચુંટાયો એ ઇંગ્લંડના રાજદ્વારી ઈતિહાસમાં પહેલો જ પ્રસંગ છે. રામ્સે મૅકડોનલ્ડનો જન્મ ઇ. સ. ૧૮૬૬માં થયો હતો. તેનાં માબાપ મજુરી કરીને ગુજરાન ચલાવતાં. બાળપણમાં તેના પિતાએ તેને ગામઠી નીશાળે મુકયો.

થોડા વખત પછી તે બ્રિસ્ટલ ગયો. જુવાનીમાં જન્મતી સઘળી મહેચ્છાઓ તેને જાગી. અભ્યાસ માટે બ્રિસ્ટલથી તે લંડન ગયો. વિજ્ઞાન તેનો મુખ્ય વિષય હતો.

સને ૧૮૮૮મા પાર્લામેન્ટના સભાસદ મિ. ટી. લૉફના ખાનગી કારભારી તરીકે તેની નીમણુંક થઈ અહીંથી તેણે લેખ લખવા શરૂ કર્યા. એક વખત નિષ્ફળ થયા પછી સને ૧૯૦૬માં તે લિસિસ્ટર પરગણા તરફથી પાર્લામેન્ટનો સભાસદ ચુંટાયો.

૧૯૧૪માં યૂરોપમાં ભયંકર યુદ્ધ શરૂ થયું તે વખતે રામ્સે મૅકડોનલ્ડ તેનો તદ્દન વિરૂદ્ધ હતો. તેણે જણાવી દીધું કે ઇગ્લંડને યુદ્ધમા ઉતરવની કશી જરૂર નથી; માટે તટસ્થ રહેવું. બીજા દેશોના સમાજસુધારકો જોડે સહકાર વધે એ હેતુથી મિ. આર્થર હેન્ડર્સન સાથે તે પૅરિસ ગયો. ૧૯૧૪ની લડાઇની તરફેણમાં તે ન હોવાથી ઈ. સ. ૧૯૧૮માં લિસિસ્ટરના લોકોએ પાર્લામેન્ટમાં તેને ન ચુંટ્યો.

પણ પછી પાર્લામેન્ટમાં ધીરેધીરે મજુર પક્ષ પ્રબળ થતો ચાલ્યો. ૧૯૨૨માં મજુર પક્ષના સભાસદ તરીકે એ પાર્લામેન્ટમા બેઠા તે સાથે જ એ પક્ષનો અધ્યક્ષ પણ થયો.


રામ્સે મૅકડોનલ્ડ

હિન્દુસ્તાનમાં બનતા દરેક રાજદ્વારી બનાવથી તે વાકેફ છે. ૧૯૧૨થી ૧૯૧૪ સુધી 'રૉયલ કમિશન' બેઠું ત્યારે તે એમાં સભ્ય તરીકે હતો. તેણે હિન્દુસ્તાન સંબંધી બે પુસ્તક લખ્યાં છેઃ 'હિન્દુસ્તાનની જાગૃતિ' અને 'હિન્દુસ્તાનનું રાજતંત્ર.'

૧૯૧૧માં તેની પત્ની માર્ગરેટ ઇથલ મૃત્યુ પામી ત્યારે તેણે તેનાં સંસ્મરણો લખ્યાં.

થોડા સમય ઉપર ઇંગ્લંડમાં તેને કોઇએ પુછ્યું કે તમે જીંદગીની સફળતા શામાં માનો છો ? તેણે જવાબ દીધો કે 'જો મને અઠવાડીએ પંદર શિલિંગના પગારથી કારકુનની જગા મળે તોપણ હું તેમાં જીંદગીની સફળતા માનું !'

લોકનાયક લેનિન

રશીઆ એ દુનીઆ આખીમાં મોટામાં મોટો દેશ છે, પણ તેની વસ્તી દેશના પ્રમાણમાં આખા જગતમાં ઓછામાં

ઓછી છે, અને ત્યાંના વતનીઓ અત્યંત ગરીબ છે. આજથી પાંચ વર્ષ પહેલાં એ દેશમાં ત્યાંના રાજા ઝારની જુલમી સત્તા નીચે પ્રજા કચડાતી, અને દેશભર ભુખમરો અને અજ્ઞાન તથા કંગાલીઅત અને ખુનામરકી વ્યાપી વળેલાં. પરિણામે ધીમે ધીમે ત્યાં બોલ્શેવિઝમ ફેલાયું, લોકો સમજતા અને જાગૃત થયા અને દેશે ઝપાટાબંધ પ્રગતિ કરવા માંડી.

આ અરસામાં રશીઆમાં એક મહાન પુરુષ ઉત્પન્ન થયો. તેણે ત્યાંની પારસ્થિતિને પોષી દેશને સજીવન કરી દીધો એમ કહીએ તો ચાલે. દુનીઆના ત્રણ સૌથી મહાન પુરુષોમાં તેની ગણના થઇ. રશીઆનો એ તારણહાર મનાયો. એનું નામ નિકોલા લેનિન.



નીકોલા લેનિન

ઇ. સ. ૧૮૭૦ના એપ્રિલની ૧૦ મી તારીખે એ જન્મ્યો હતો. તેના કેળવાયેલા કુટુંબમાં સાહિત્ય, કલા, સંગીત અને વિજ્ઞાન ભરચક હતાં, તોપણ ઝારના રાક્ષસી જુલમ હેઠળ કચડાતી પ્રજાના પોકાર તેણે સાંભળ્યા. એના જીવનમાં રાષ્ટ્રપ્રેમનો તણખો ઝર્યો.

લેનિનનો વડીલ ભાઈ એલેકઝાન્ડર ખુનામરકીમાં માનતો. ઝાર સામેના એક કાવતરામાં એ પકડાવાથી ફાંસીએ ગયો. તે વેળા પોતાની માતાને ધીરજ આપતાં એ બોલ્યો. 'શોક શાને કરે છે ? તારે લેનિન જેવો પ્રતિભાવાન પુત્ર છે.' [illegible] મળ્યો.

વડીલ ભાઇની અરાજકતાને બદલે લેનિને મજુરવર્ગને કેળવવા માંડ્યો અને કાર્લમાર્ક્સના લોકસત્તાના સિદ્ધાન્તોને અમલમાં મુકયા. ઝારે એને સાઈબીરીઆમાં દેશપાર કર્યો. એ વેરાન જગ્યામાં તેણે કીંમતી પુસ્તકો લખ્યાં. દેશમાં જવાની મનાઈ થયાથી તે પશ્ચિમ યૂરોપમાં જઇ રહ્યો. અહીં'થી તેણે 'ઇસ્ક્રા' (તણખા) નામનું પત્ર કાઢ્યું. એની પત્ની એના ખાનગી સેક્રેટરીનું કામ કરતી.

પોલીસે એનો પીછો ન છોડ્યો. લેનિન યૂરોપ ભટકીને જીનીવા નાઠો. ત્યાં 'ફૉરવર્ડ ' નામનું પત્ર કાઢ્યું. ૧૯૧૪-નું મહાભારત યુદ્ધ જાગ્યું ત્યારે લેનિન ઑસ્ટ્રીઆના કામદારવર્ગને ઉશ્કેરી રહ્યો હતો. પછી તો રશીઆમાં રાજપલટો થયો અને ઝારકુળનું નિકંદન નીકળ્યું, આ વેળા તે રશીઆ પહોંચ્યો અને સોવીએટ રિપબ્લિક સ્થાપ્યું. આથી રશીઆના ગરીબ લોકોને સુખે કામ અને રોટલો મળ્યાં.

બોલ્શેવિઝમનું બીજું નામ કૉમ્યુનિઝમ છે. એ સોશીઆલિઝમના નામથી પણ ઓળખાય છે. આ પંથનો હેતુ પૈસાદારોનો તોર અને ગરીબોનાં દુઃખો ટાળવાનો તથા ભાઇચારાનો સંબંધ વધારવાનો છે. એમનાં પંથચિહ્નો લાલ રંગ અને હથોડો છે. એમનો મુખ્ય સિદ્ધાન્ત એ છે કે પ્રજાના એકેએક જણને રોટલો ન મળે ત્યાં સુધી રોટલી ખાવી એ પાપ છે. શ્રીમંત અને રંક વચ્ચેનું અંતર તેઓ ઓછું કરવા તત્પર છે. ખાનગી માલમિલ્કતનો મોહ મુકાવી પ્રજાને સર્વસામાન્ય સંપત્તિના લાભ તરફ દોરવી એ એમનું કાર્યક્ષેત્ર છે. સોવીએટ જેવી ઉત્તમ સરકારને અને સોશીઆલિઝમને ખોટી રીતે ભાંડવામાં પશ્ચિમનાં રાજ્યોએ પોતાનું બનતું કર્યું છે.

લેનિન તપ અને તાલીમની અગત્ય સમજતો હતો. પ્રજાનો એ 'કૉમરેડ' એટલે 'સખા' કહેવાતો. તે પોતાના સંઘ પાસે કડક નિયમો પળાવતો, કાળીમેશ રોટી અને હલકી ચા કે ઓસામણ એક ટંક લેતો, રોજના ૧૮ થી ૨૦ કલાક કામ કરતો અને કઠોર બીછાના ઉપર સુતો. લોકો કહેતા કે ઝારનાં દર્શન ન થાય, પણ બંધુ લેનિન તેડે હાથમાં હાથ મીલાવી રામરામ કરી શકાય. ઇંગ્લંડના મોટા રાજદ્વારી પુરુષ મિ. ચર્ચિલની મોટર ગાડીનું જે ખરચ થાય છે તેના દસમા ભાગમાંથી લેનિનનું બાર માસનું ભરણપોષણ ચાલતું ! લોકોને વિશ્વાસ હતો કે પોતે ભુખ્યા હશે ત્યાંસુધી ભાઇ લેલિન પણ ભુખ્યો જ હશે.

એનાં આત્મસંયમ અને શાંતિ વાણીની સરળતા અને નિર્મળતા અપૂર્વ હતાં. જગતનાં થોડાંક એને

'લોહીતરસ્યો' લેનિન કહ્યો તેથી તો એ પરદુઃખભંજન અને ચિરંજીવી વીરની કીર્તિ વધુ ઉજળી થઇ છે.

લાંબા વખતની ભારે માંદગી પછી ગયા માસમાં આ મહાન નર મરણ પામ્યો છે.

ના. ગાયકવાડનું ભાષણ

આપણા દેશમાં ઘણીખરી શાળા પાઠશાળાઓ સરકારી અથવા સરકારે સ્વીકારેલી રીતે અભ્યાસ કરાવનારી છે; પરન્તુ પ્રજાએ ઉભી કરેલી અને સરકાર પાસે કબુલાવેલી એવી મહાન વિદ્યાપીઠ બનારસની હિન્દુ યુનિવર્સિટી છે. પંડિત મદન મોહન માલવીયજી એના આત્મા છે અને આપણા ગુજરાતના વિદ્વાન સાક્ષર, 'વસંત' નામના શિષ્ટ માસિકના ગુપ્ત તંત્રી અને ભાવનગરમાં થોડા સમયમાં ભરાનારી સાહિત્ય પરિષદ્‌ના પ્રમુખ, અધ્યાપક આનંદશંકર બાપુભાઇ ધ્રુવ એના કુલનાયક છે. કાશીમાં એ વિદ્યાપીઠનો ગયા પોષ મહીનામાં પદવીદાન સમારંભ હતો. પદવીદાન વડોદરાના મહારાજા ગાયકવાડને હાથે થયું, એ પ્રસંગે એમણે 'હિન્દી સંસ્કૃતિ—તેની મહત્તા અને નબળાઇ' એ વિષે એક સુંદર ભાષણ આપ્યું હતું. એનો સાર એ હતો કે આ વિદ્યાપીઠ આપણા દેશના પૂર્વકાળના કેળવણીના આદર્શો પાછા સજીવન કરવાની મુરાદ રાખે છે, અને તેથી એ પાઠશાળામાં વિદ્યર્થીઓને રાખીને શિક્ષણ આપશે એવો એણે નિયમ કર્યો છે. ઇ. સ. પૂર્વે ૭૦૦ વર્ષ પર આપણા દેશમાં તક્ષશિલાની વિદ્યાપીઠ સુપ્રસિદ્ધ હતી. ત્યાં રાજકુમારો, બ્રાહ્મણો અને દરેક વર્ણના વિદ્યાર્થીઓ આખા આર્યાવર્તના દૂરદૂરના ભાગોમાંથી આવતા, અને ત્યાં રહીને વિદ્યાની તમામ શાખાઓનું જ્ઞાન ગુરુઓની પાસે મેળવતા. મગધ દેશની રાજ્યધાનીનો એક નિરાધાર બાળક તક્ષશિલામાં વૈદક અને શસ્ત્રવિદ્યા શીખ્યો હતો. એનું નામ જીવક હતું. અને ત્યાં રહીને એ એવો વિદ્વાન થયો કે પાછળથી મગધના બિંબિસાર રાજાનો એ રાજ-વૈદ્ય થયો.

ત્યારપછી ૪૮૦ વર્ષ પછી એટલે આજથી ૨૩૦૦ વર્ષ ઉપર, હાલના પટણાની પાસે પાટલીપુત્રમાં, મહાન અશોક રાજાના વખતમાં એક વિદ્યાપીઠ હતી. એમાં પણ વિદ્યાર્થીઓને રહેવા ખાવાની અને ભણવાની ગોઠવણ હતી.

ઇ. સ. ૭૦૦ માં, એટલે આજથી ૧૨૦૦ વર્ષ પર પણ નલંદાના વિદ્યાપીઠમાં, ચીનાઇ યાત્રાળુ હ્યુએનસંગ આવેલો. એણે ત્યાં રહીને બુદ્ધ ધર્મ અને બ્રાહ્મણ ધર્મનું જ્ઞાન મેળવેલું. પ્રાચીન કાળની આપણી એ વિદ્યાપીઠોમાં દરેક વર્ણ અને જાતના વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવતા. હિન્દુ ધર્મ સર્વકોઇને ભણવા દેવામાં આવતો અને એમાં નાતજાતનો ભેદ ગણવામાં આવતો નહિ.

પણ આઠમી સદી પછી, એટલે પૌરાણિક યુગ પછી એમાં ફેરફાર થયો. બ્રાહ્મણ સિવાયની જાતોને માટે વિદ્યાપીઠો બંધ થઇ અને એથી આપણી સંસ્કૃતિ બગડી તથા રાષ્ટ્રીયતાને નુકસાન થયું.

કાશીમાં તથા બંગાળામાં આવેલા નવદ્વિપમાં એ વખતે વિદ્યાપીઠો હતી, પણ ત્યાં બ્રાહ્મણ સિવાય કોઇને દાખલ કરવામાં આવતા નહિ. બહુ મોટી સંખ્યાને દૂર રાખી થોડી સંખ્યાના બ્રાહ્મણોને માટે વિદ્યાનો અધિકાર રાખવાથી આપણી પડતી થઇ. બનારસની આ વિદ્યાપીઠ પણ સર્વ કોઇને માટે ખુલ્લી રાખજો. તક્ષશિલા અને નલન્દાની માફક એનાં દ્વાર સહુકોઇને માટે ખુલ્લાં રાખજો. વિદ્યા રૂપી જળ પીવાનો સર્વકોઈને સરખો અધિકાર હોવો જોઇએ. આપણાં પવિત્ર શાસ્ત્રોનું જ્ઞાન સર્વ તરફ પ્રસરવા દો. એથી જ આખી હિન્દુ જાતિની એકતા થશે.

આપણો ભૂતકાળ સંપૂર્ણ હતો, અને પાછો એવો જ સમય નહિ લાવીએ ત્યાં સુધી ચઢતીની આશા નથી એવું કહેનારા ભુલ કરે છે. જે પ્રાચીન સુધારાએ આપણને બહારના લોકોની ચડાઈઓ સામે બચાવ કરતાં ન શીખવ્યું અને આપણે પરાધીન થઇ ગયા તે સુધારામાં સંપૂર્ણતા તો ન જ કહેવાય. હવે તો હિન્દે મહિમાવાન ભૂત-કાળનું ધ્યાન છોડી વર્તમાનકાળની મુશીબતો સામે થવાના સુદૃઢ પ્રયત્નો કરવા જોઇએ. આ વિદ્યાપીઠ માટે હું એવી મહત્વાકાંક્ષા રાખું છું કે એ ભૂત અને ભવિષ્ય બન્ને કાળને માટે પ્રેરણા આપે.

બુદ્ધધર્મ અહીંથી ચીન અને જાપાન ગયો. એણે ત્યાંની પ્રજાઓને લાયક બનાવી, અને આપણે એનું તમામ જ્ઞાન ખોઇ બેઠા. મુંબઇ, વડોદરા અને ગુજરાત તથા દક્ષિણમાં હવે બુદ્ધધર્મને માટે રસ વધતો જાય છે એ શુભ ચિહ્ન છે. મને આશા છે કે બનારસ વિદ્યાપીઠ જૈન અને બુદ્ધધર્મનું શિક્ષણ આપવાની પણ હિન્દુધર્મની સાથેસાથે ગોઠવણ કરશે.

ભવિષ્યના પુરોહિતો અને ધર્માચાર્યોને પણ વ્હેમ, જડતા અને ગોખણપટ્ટીમાંથી છોડવી વિશાળ જ્ઞાન તથા આધુનિક વિજ્ઞાનના અભ્યાસ અને તુલનાત્મક ધર્મનું શિક્ષણ આપવાની ભલામણ કર્યા પછી મહારાજાએ કહ્યું કે ચારિત્ર, જ્ઞાન માટે પ્રીતિ અને વ્યવહારકુશળતા એ પણ હાલના ભણતરના પરિણામે વિદ્યાર્થીઓને પ્રાપ્ત થવાં જોઇએ. હિન્દુઓ નરમ બહુવાર કહેવાયા; હવે તો મરદ બનો! ચંદ્રગુપ્ત, અશોક અને વિક્રમાદિત્યના વખતમાં

જેવા વીર પુરુષો હતા તેવા થાઓ. તમે હવે તાબેદારી બહુ ઉઠાવી; ભવિષ્યમાં તમારે આગેવાની કરવાની છે એને લાયક થજો; મન, વચન અને કર્મપર સંયમ મેળવજો. સ્વતંત્રતા આવશે, હક્ક મળશે ત્યારે તેને અનુસાર ફરજો પણ બજાવવી પડશે. માટે ચારિત્ર ખીલવજો.

સ્ત્રીઓને માટે વિદ્યાપીઠમાં સરખા હક અપવાનું કહ્યા પછી મહારાજાએ દેશાટનના લાભ સમજાવ્યા અને કાશીનો મહિમા વર્ણવતાં કહ્યું કે અહીંથી થોડે દૂર સારનાથના મૃગવનમાં બુદ્ધ ભગવાને કર્મ અને સદાચારનો ઉપદેશ આપ્યો હતો. એના પથ્થરોમાં હજી એ ધર્મોપદેશ ભર્યો છે. પછી શંકરાચાર્ય થયા. એમણે પણ 'બ્રહ્મ સત્ય, જગત્ મિથ્યા'નો સિદ્ધાંત અહીંથી સમજાવવો શરૂ કર્યો હતો. ચીન, જાપાન, બ્રહ્મદેશ, ટીબેટ, લંકા અને હિન્દના તમામ ભાગના લોકો હજી આ સ્થળે યાત્રા કરી પાવન થવા આવે છે. કાશીએ હિન્દુધર્મ સજીવન રાખ્યો અને પોતે પણ ઘણી ચડતીપડતી જોઈ. છતાં હજી જીવે છે. કાશીનાં વૃક્ષોને જીભ છે, ત્યાંના પથ્થરોમાં ઉપદેશ છે અને એ વ્હેતી ગંગામાં જ્ઞાન ભર્યું છે. ત્યાં સનાતન જ્ઞાનવાપિ છે. એ અમરનગરી જગતને સત્યયુગ આપો !

:હ:

કાકાસાહેબ કાલેલકર

ગયે મહિને જે અનેક બનાવો બન્યા તેમાં વિશેષ આનંદ આપે એવી બાબત તો કાકાસાહેબ (દત્તાત્રેય બાલકૃષ્ણ) કાલેલકરના છુટવાની છે. રાજદ્વારી દૃષ્ટિએ સરકારે તેમના તરફ ગમે તેવી નજર રાખી હોય; પરંતુ અમે તો એમના આદર્શ અધ્યાપકજીવન અને વાત્સલ્યપૂર્ણ હૃદયને અમારો સ્નેહાર્ઘ્ય અર્પીએ છીએ. મહારાષ્ટ્રમાંથી આવેલા કાકાસાહેબ ગુજરાતની ઉગતી પ્રજાના એક સમર્થ પ્રેરક અને વિધાતા બની રહ્યા છે એ વિધિનો અદ્ભુત યોગ છે. એમના અનેકવિધ અનુભવો, વિશાળ વાંચન અને ચિંતન તથા બહુશ્રુતતા સાથે પવિત્ર જીવનથી તેમનામાં સમાજને, સાહિત્યને, કલાને—જીવનની દરેક પ્રવૃત્તિને નીરખવાની જે વિરલ શક્તિ આવી છે તે બહુ જ થોડા વિદ્વાનોમાં જણાશે. જેટલી એ નિરીક્ષણશક્તિ ઉચ્ચ કોટિની છે તેટલી જ એમનામાં વાક્પ્રભુતા છે. એમના લેખોમાં સરળતાની સાથે પ્રાણ અને માધુર્યની સાથે ચેતન ભરેલું છે. તેમનો મનોભંડાર ખુલ્લો થશે એ વિચારનું આપણે સૌ અભિનંદન કરીએ.



કાકાસાહેબ કાલેલકર

આ અંકને ૫૧મે પાને મુકેલું કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનું ચિત્ર 'યંગ સિટિઝન' નામના અંગ્રેજી માસિકમાંથી લેવામાં આવ્યું છે.

*

ગઈ વસંતપંચમીએ ગુજરાત કલાપ્રવર્તક મંડળ તરફથી પહેલી જ વાર ગુજરાત કલાપ્રદર્શન ભરવામાં આવ્યું; તેની સચિત્ર નોંધ અમે આવતા અંકમાં વિસ્તારથી લઇશું.

આ મહિને

માહ સુદ પુનમ: તા ૨૦-૨-૨૪-મ્હૈસુરના ટીપુ સુલતાને પોતાનું અરધું રાજ્ય અને ત્રણ કરોડ રૂપીઆ અંગ્રેજોને આપવાનો કરાર કર્યો અને તેની જામીનગીરીમાં તેણે પોતાના બે પુત્રો આપ્યા. ઇ. સ. ૧૭૯૨.

માહ વદ ૧: તા. ૨૧-૨-૨૪-પંજાબમાં આવેલા ગુજરાત આગળ શીખોને અંગ્રેજો જોડે લડાઈ થઇ. તેમાં પ્રખ્યાત કોહીનૂર હીરો અંગ્રેજોને હાથ ગયો અને તે ઇગ્લંડ મોકલી દેવામાં આવ્યો. ઇ. સ. ૧૮૪૯

મોગલ સમ્રાટ ઔરંગઝેબનું મરણ. ઇ. સ. ૧૭૦૭

માહ વદ ૨: તા. ૨૨-૨-૨૪-અમેરિકાને સ્વતંત્ર કરનાર જ્યૉર્જ વૉશિંગ્ટનનો જન્મ. ઇ. સ. ૧૭૩૨

માહ વદ ૩: તા. ૨૩-૨-૨૪-ફ્રાંસનો રાજા લુઈ ફિલિપ ગાદી છોડી નાઠો. ઈ. સ. ૧૮૪૮

માહ વદ ૫: તા. ૨૫-૨-૨૪-યુરોપ અને અમેરિકાના લોકોને હિન્દુ ધર્મ અને તત્ત્વજ્ઞાનની મહત્તા તથા ખુબી સમજાવનાર સ્વર્ગસ્થ સ્વામી વિવેકાનંદના ગુરુ રામકૃષ્ણ પરમહંસની જયંતિ. રામકૃષ્ણ પરમહંસ સૌ ધર્મને સારા માનતા. વૈષ્ણવ, મુસલમાન, ખ્રિસ્તી, શાક્ત બધા ધર્મો તેમણે જાતે પાળી જોયા, અને એ રીતે દરેક માર્ગે પ્રભુને અનુભવ્યા. એ કંઇ ભણ્યા નહોતા, પણ ધર્મને જીવનમાં ઉતારી મહાન બન્યા હતા. એમને ઇશ્વરનો સાક્ષાત્કાર થયો હતો; અને જે કોઇ એમના સંબંધમાં આવતું તે એમનો પ્રભુ સાથેનો યોગ જોઇ દિગ્મૂઢ બની જતું.

કવિ નર્મદાશંકરનું મરણ : ઈ. સ. ૧૮૮૬. દલપતરામ અને નર્મદાશંકર એ ગુજરાતના નવા યુગના પહેલા કવિઓ હતા. નર્મદાશંકર સ્વદેશભક્ત, સંસારસુધારક અને ગુજરાતી સાહિત્યના ઉત્તમ લેખક હતા. એમની કવિતામાં અજબ જુસ્સો છે. નર્મગદ્યમાં એમની લખેલી 'સુરતની મુખ્તેસર હકીકત' વાંચીને હજી પણ આપણી આંખમાં આંસુ આવે.

મહા વદ ૬: તા. ૨૬-૨-૨૪--ઇ. સ. ૧૮૫૭ના બળવાની શરૂઆત.

મહા વદ ૧૦: તા. ૨૯-૨૨૪—શીવાજી મહારાજના ગુરુ રામદાસ સ્વામીની પુણ્યતિથિ.

મહા વદ ૧૪: તા. ૪-૩ ૨૪—સર. ચીનુભાઇનો સ્વર્ગવાસ, સંવત ૧૯૭૨. અમદાવાદના મીલઉદ્યોગના પિતા સ્વર્ગવાસી રણછોડલાલ છોટાલાલ થઈ ગયા. એમનું પુતળું અમદાવાદના માધવબાગમાં મુકેલું છે. સર ચીનુભાઈ તે એમના પૌત્ર થાય. એમણે ધનનો બહુ સદુપયોગ કર્યો. વિજ્ઞાન પાઠશાળા, લાયબ્રેરી, બાગ, દવાખાનું વગેરે એમણે લોકોના ઉપયોગ માટે બનાવ્યા. એ વિદ્યાવિલાસી, સરળ અને નિરાભિમાની હતા. ધનવાન લોકોએ યોગ્ય માર્ગે દાન કરવાની બાબતમાં સર ચીનુભાઇને પગલે ચાલવું ઘટે છે. અમદાવાદમાં એમના જેવા પૈસાદાર ઘણા શેઠીઆઓ છે, પણ એમના જેવું દાનેશ્વરી કોઈ નથી.


અહમદશાહે અમદાવાદ વસાવ્યું, ઇ. સ. ૧૪૧૨. આજથી ૫૧૨ વર્ષ ઉપર સુલતાન અહમદશાહે અમદાવાદ શહેર વસાવ્યું. શહેરની રચના એણે આર્ય શિલ્પશાસ્ત્રના નિયમાનુસાર કરી હતી. ધીમે ધીમે અમદાવાદ એવું આબાદ થયું હતું કે એની વસ્તી આઠ લાખ માણસની થઈ હતી. મહમદ બેગડાના વખત સુધીમાં શહેરમાં સુંદર કારીગીરીનાં ઘણાં મકાનો બંધાય; જેમાંનાં મુખ્ય મુખ્ય હજી ઉભાં છે. અમદાવાદની શિલ્પ-કળા બહુ સંસ્કારી ને સુરૂચિવાળી છે લાલ દરવાજા પાસે પત્થરની જાળીઓ અનુપમ છે. તેમાંની એક જાળીનું ચિત્ર આ અંકમાં આપેલું છે. અહીંનું કોતરકામ સંગીતમય કાવ્ય જેવું છે, એની પદ્ધતિમાં મુસલમાનીપણું કંઈ જ નથી. અમદાવાદનો ઇતિહાસ પણ અસરકારક છે. પણ સુરતને જેવો નર્મદાશંકર મળ્યો એવો અમદાવાદને એની હકીકત લખનાર કોઇ નર્મદાશંકર મળ્યો નથી, એટલી દિલગીરીની વાત છે.

ફાગણ સુદ ૪: તા ૯-૩-૨૪—શ્રી. નવલરામનો જન્મ દિવસ, ઇ. સ. ૧૮૩૬. નર્મદાશંકરના મિત્ર અને અમદાવાદ ટ્રેનિંગ કૉલેજના આચાર્ય નવલરામ એક ઉત્તમ લેખક અને વિવેચક થઇ ગયા. વાંચવું, વિચારવું અને લખવું એ જ એમની મુખ્ય પ્રવૃત્તિ હતી.

ફાગણ સુદ ૭: તા. ૧૨-૩-૨૪—રશીઆમાં રાજ્ય-ક્રાંતિ, ઈ. સ. ૧૯૧૭.

ફાગણ સુદ ૯ : તા. ૧૫-૩-૨૪—હથીઆરબંધીનો કાયદો, ઇ. સ ૧૮૭૮.

ફાગણ સુદ ૧૨: તા ૧૮-૩-૨૪—મહાત્મા ગાંધીજીને છ વર્ષની તથા શ્રી. શંકરલાલ બેંકરને દોઢ વર્ષની કેદ: ઇ. સ ૧૯૨૨. મહાત્માજીએ પ્રજામાં જે સ્વમાન, સ્વાશ્રય અને સ્વદેશભક્તિ પ્રેર્યાં છે તે અજબ છે. આવા બનાવોમાં પ્રભુનો જ હાથ હોય છે. દરેક દેશના ઇતિહાસ આમ જ રચાય છે. તેના સુત્રધાર પરમેશ્વર હોય છે. મહાત્માજીના જેલનિવાસના એ બહારથી દેખાતા દુઃખમાં અંદરખાનેથી પરમેશ્વરનો છુપો આશીર્વાદ રહેલો છે. :નિ:



ચાલો ઓળખી કાઢો

લીલો મેવો

સાંભળ્યું છે કે

થોડા વખત ઉપર થયેલા જાપાનના ધરતીકંપથી બે લાખ ઘર પડી ગયાં છે અને કુલ વીસ કરોડનું નુકસાન થયું છે.

ગ્યાસતેલનો કરોડપતિ ઇજારદાર મિ. રૉકફેલર ડબ્બાઓ રેણવામાં વપરાતા પ્રવાહીનાં ૩૯ ને બદલે ૩૮ ટીપાં પાડે છે. આ એક જ ટીપાની કરકસરથી તે વરસ દિવસે દસ હજાર પાઉન્ડ બચાવે છે.

મૅસોપોટૅમીઆના પત્થરો પરથી માલુમ પડ્યું છે, કે દુનીઆની જુની રાજધાની 'કીશ' હતું.

માણસજાતની પહેલાં પૃથ્વી ઉપર વસનારી ગરોળીનાં હાડપીંજર ૮૦ ફુટ લાંબાં મળી આવે છે. એવી ગરોળીનાં ૨૫ ઇંડાં પણ મળી આવ્યાં છે; જે દરેકની લંબાઈ પાંચછ ઇંચ છે. એ ઈંડાં એક કરોડ વર્ષનાં જુનાં માનવામાં આવે છે.

૬૦ માળવાળા એક મકાનને તોડી પાડવાને બદલે પાયામાંથી કાપી ૩૦૦ ફુટ દૂર પાટા તથા પૈડાં વડે લઈ જવામાં આવ્યું છે. એ મકાનનું વજન ૫૦૦૦ ટન હતું.

સાચ્ચે !

હાથલીઆ થોરના કાંટાઓ ગ્રામોફોનની પિન તરીકે વપરાય છે !

દરીઆની છીપોલીઓનું સરસ ખાતર થઇ શકે છે !

સૂર્યની પેઠે ચંદ્રનાં કિરણોનું વરસાદના જળકણમાં વક્રીભવન થવાથી દિવસની જેમ રાતે પણ મેઘધનુષ્ય દેખાય છે !

અગ્નિમાં બળેલાં ખતપત્રોના અને કાગળોમાંના શબ્દો અમુક જાતનો ફોટો લેવાથી સાફ વાંચી શકાય છે !

બીલાડીઓના ડોળા મોટા થવાથી તેઓ અંધારા-માં જોઇ શકે છે !

ઇંગ્લંડમાં એક કાગડો છોકરાઓના અભ્યાસમાં અને રમતગમતમાં રસભર્યો ભાગ લે છે !

દરીઓ દરરોજ એક માલ ભરેલા જહાજનો ભાગ લે છે એવો અડસટ્ટો કાઢવામાં આવ્યો છે !

અંધારામાં હજામત કરવાનો વીજળીવાળો અસ્ત્રો બનાવવામાં આવ્યો છે !

ચાલો ઓળખી કહાડો

(ઈનામી હરીફાઇ)

પાછળના પાનામાં જે જે પુરુષોની સૂચક રેખાઓ પાડેલી છે તે પરથી તેઓ કોણ છે તે ઓળખી કહાડો અને નંબરવાર નોંધ કરી મોકલો. બધાને બરોબર ઓળખી કહાડશો તો રૂ. પાંચ પાંચનાં પાંચ ઇનામોમાંથી એકાદું તમને પણ કદાચ મળી જશે. ઇનામની શરતો નીચે પ્રમાણે.

જેટલા ચહેરા છે તે દરેકે દરેકને ઓળખી કહાડવા જોઇશે; એકકેયે બાકી રહેવા ન જોઇએ. માત્ર ગ્રાહક તરીકે નોંધાયેલાનો જ ઇનામો પર હક રહેશે. (છુટક, ભેટ કે નમુનાનો અંક મેળવનારને પણ નહિ.) બીજા વાંચનારાઓને ઠીક લાગે તો નોંધ મોકલે તેમાં અમને વાંધો નથી. બધી નોંધો એક માસની મુદતમાં—એટલે ફાગણ સુદ પુનમ પહેલાં આવી જવા જોઇએ. પત્ર ઉપર 'હરીફાઇ' એવું મથાળે લખવું. મોકલનારે પોતાનો ગ્રાહક નંબર નહિ લખ્યો હોય તો તેના જવાબ પર ધ્યાન આપવામાં નહિ આવે. ગ્રાહક નંબર તમારા માસિકના સરનામાના લેબલ પર લખેલા હશે, તે બરોબર યાદ રાખજો.